**સુવિચાર**

''સાચું દરેકને સમજાય જ છે, પણ મૂળ વાત એમ છે કે, એ સાચા સમયે નથી સમજાતું.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૧૨/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ પોષ સુદ-૭ વર્ષ : ૧૭ અંક : ૦૧૩











## ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨–૨૨૨૬૦૧,
ઈ–મેઈલ : ho@ajmsbank.com વેબસાઈટ : www.ajmsbank.com

International Year of Cooperatives 2025

### બેંકના જુના રેકર્ડના નિકાલ માટે રદી પસ્તી તથા પુઠા અને ઓલ્ડ રેકર્ડ/વાઉચરના વેચાણ બાબત

આથી બેંક દ્વારા સબંધકર્તા ઈસમોને જણાવવામાં આવે છે કે, આ બેંકના જુના રેકર્ડ નાશ કરવા માટે રદી પસ્તી તથા પુઠા અને ઓલ્ડ રેકર્ડ/વાઉચરના વેચાણ કરવા માટે નીચે મુજબની શરતોથી ભાવો સીલ બંધ કવરમાં તા. ૧૨/૦૧/૨૦૨૬ સુધીમાં અમોને રૂબરૂ આપવા માટે જાહેરાત આપવામાં આવે છે.

**શરતો :–**

૧. આ બેંકની હેડ ઓફિસ અને શાખાઓના રેકર્ડ પૈકી ચેકો/વાઉચર્સના નાના ટુકડા તથા અન્ય રેકર્ડના પણ નાના ટુકડા કરી વજન કરી તમારા થેલામાં જ બાંધી તમારે પોતે અત્રે હેડ ઓફિસ અમરેલીથી લઈ જવાનું રહેશે.
૨. સદર રેકર્ડ પેપરમીલમાં લઈ જઈ હોજમાં નખાવી તેનો પલ્પ બનાવડાવી તે અંગેનું પેપર મીલનું સર્ટીફીકેટ તમારે રજુ કરવાનું રહેશે અને આ બાબતની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે.
૩. ભાવ સાથે રૂા. ૧૦,૦૦૦/– (દસ હજાર પુરા) બેંકમાં ડીપોઝીટ તરીકે આપવાના રહેશે જે કામ પુરૂ થયે પેપરમીલનું લેખીત સર્ટીફીકેટ રજુ કર્યા બાદ ડીપોઝીટની રકમ પરત ચુકવવામાં આવશે.
૪. જે દિવસે જે તે શાખામાંથી (દરરોજ) જેટલો જુનો રેકર્ડ (દફતર/ચોપડા/લેજર/વાઉચર/ફાઈલો વિગેરે) લઈ જવામાં આવે તેટલા જથ્થાનું વજન કરી નિયમ મુજબની થતી રકમ રોકડેથી બેંકની જે તે શાખામાં જમા કરાવવાની રહેશે.
૫. સદર જુનું રેકર્ડ (દફતર/ચોપડા/લેજર/વાઉચર/ ફાઈલો વિગેરે) બેંકની તમામ શાખામાંથી તમારા ખર્ચે લઈ જવાનું છે.
૬. સદર કાર્યવાહી આગામી તા. ૧૨/૦૨/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
૭. વધુ જાણકારી માટે નીચે મુજબના અધિકારીશ્રીઓનો સંપર્ક કરવો.
   ૧. શ્રી બી.એસ. કોઠીયા – જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) – ૯૮૨૫૨ ૩૫૪૭૫
   ૨. શ્રી એ.બી. ગોંડલીયા – એડીશનલ જનરલ મેનેજર – ૯૪૨૮૭ ૯૬૩૪૧
   ૩. શ્રી એસ.ડી. કથીરીયા – મેનેજર, લોન વિભાગ, હેડ ઓફિસ, અમરેલી – ૯૪૨૭૨ ૦૬૪૪૭
   ૪. શ્રી એ.સી. ટીંબડીયા – સીનીયર ઓફીસર, લોન વિભાગ, હેડ ઓફિસ, અમરેલી – ૯૮૨૫૭ ૮૧૨૩૧

સ્થળ :– હેડ ઓફીસ, અમરેલી.
તારીખ :– ૨૬/૧૨/૨૦૨૫

**(બી.એસ. કોઠીયા)**
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
ધી અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.

**નોંધ : સદર ટેન્ડર અંગે આખરી નિર્ણય કરવાનો અધિકાર અમો બેંકને અબાધિત રહેશે. જેની નોંધ લેવી.**

## ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨–૨૨૨૬૦૧,
ઈ–મેઈલ : ho@ajmsbank.com વેબસાઈટ : www.ajmsbank.com

International Year of Cooperatives 2025

### બેંકની ઈનોવા – ૨ ગાડીઓની જાહેર હરરાજી

આથી રસ ધરાવનાર તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે, આ બેંકની માલીકીની ગાડી **ઈનોવા 2.5Z મોડેલ–2014, GJ 14 AA 9930** તા. ૧૧/૧૨/૨૦૨૫ સુધીમાં અંદાજે 4,53,075 **Km** તથા **ઈનોવા 2.5Z મોડેલ–2015, GJ 14 AA 7135** તા. ૧૧/૧૨/૨૦૨૫ સુધીમાં અંદાજે 5,21,558 **Km** ચાલેલીની જાહેર હરરાજીથી વેચાણ કરવા માટે આગામી તા. ૧૬/૦૧/૨૦૨૬ને શુક્રવારે બપોરે ૦૧:૦૦ કલાકે બેંકના ઉપરોકત સરનામેના બિલ્ડીંગના બોર્ડ રૂમમાં રાખેલ છે. ગાડી હાલની જે તે કન્ડીશનમાં ડીલવરી આપવામાં આવશે. **હરરાજીમાં ભાગ લેનાર ઈસમે ફોટો આઈ.ડી. પ્રુફ સાથે સૌ પ્રથમ રૂા. ૧૦,૦૦૦/– ડિપોઝીટ તરીકે જમા કરાવાના રહેશે.** હરરાજી અંગેની અન્ય તમામ શરતો હરરાજીના દિવસે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે અને જાહેર હરરાજીથી વેચાણ આપવા અંગેની આખરી નિર્ણય બેંકને અબાધીત રાખેલ છે. જેની નોંધ લેવી.

**નોંધ :–**

૧. સદર વાહનની કન્ડીશનની તપાસણી રૂબરૂ કરવા અર્થે ઉપરોકત સરનામે તા. ૨૯/૧૨/૨૦૨૫ થી તા.૧૫/૦૧/૨૦૨૬ના ઓફીસ સમય દરમ્યાન સુધી જોઈ શકાશે.
(સોમવાર થી શનિવાર ૧૦ : ૦૦ થી ૦૫ : ૦૦ સુધી)

**(બી.એસ. કોઠીયા)**
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
ધી અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.









ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી ગ્રામ સભા

# લીલીયા : ભૂગર્ભ ગટર તેમજ 'નલ સેજલ યોજના' ને લઈ સ્થાનિક આપ કાર્યકરોએ ગ્રામસભામાં કર્યો હોબાળો

## આગામી દિવસોમાં પૂનઃ ગ્રામસભા યોજાશે



લીલીયા, તા. ૨૬

લીલીયા મોટા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ પંચાયત નીચે આવેલ સિનિયર સિટીઝન પાર્ક ખાતે યોજવામાં આવેલ ખાસ ગ્રામસભામાં ભારે હોબાળા બાદ ગ્રામસભા મોકૂફ રહી ભૂગર્ભ ગટર અને 'નલ સે જલ' યોજના જેવા ગંભીર પ્રશ્નોને લઈ ગ્રામસભામાં થયો હોબાળો ત્યારે છેલ્લા કેટલા વર્ષોથી લીલીયાની જનતા ભૂગર્ભ ગટર,પીવાલાયક મીઠા પાણીના પ્રશ્ન પિસાઈ રહી હોય ત્યારે અનેક રજૂઆતો બાદ હાલ નલ સેજલ યોજના ના હાઉસ કનેક્શન આપવા બાબત અને ભૂગર્ભ ગટર રીનોવેશનના ૧૧ કરોડના ખર્ચે થતા કામને લઈને ગ્રામ સભામાં આમ આદમી પાર્ટીના વિજયભાઈ વિરાણી તેમજ સ્થાનિકો દ્વારા ભારે વિરોધ નોંધાતાગ્રામસભા મોકૂફ રાખવાની ફરજ પડી હતી ત્યાર બાદ ગ્રામસભામાં ઉપસ્થિત આમ આદમી પાર્ટીના પ્રમુખ વિજયભાઈ વિરાણી દ્વારા ભૂગર્ભ ગટર નું કામ ચાલુ હોય તે સ્થળે જઈ કામની ગુણવત્તા ની ચકાસણી કરવામાં આવી હતી તેમજ ભૂગર્ભ ગટર કામ બંધ કરાવવામાં આવ્યું હતું ત્યારે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ભાજપ કાર્યાલય ખાતે આવવાના સમાચાર આમ આદમી પાર્ટીના કાર્યકરો તેમજ સ્થાનિકો ને મળ તા ગટર કામને લઈને ધારાસભ્ય મહેશભાઈ કાસવાલા ને રજૂઆત કરી હતી ત્યારે રજૂઆત કરવા આવેલ લોકોને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સાંભળવામાં આવ્યા હતા અને યોગ્ય કરવાની પણ ધારાસભ્ય દ્વારા ખાત્રી આપવામાં આવેલ હતી ત્યારે થોડા સમય માટે ટ્રાફિકજામ થતા પોલીસને બોલાવવાની ફરજ પડી હતી ગ્રામસભા બાબત તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય દ્વારા જણાવવામાં આવેલ કે આ ખાસ ગ્રામ સભા હતી જેમાં જી રામજી યોજનાની સમજ આપી ગ્રામીણ શ્રમિકો એચ.સી,એસ.ટીના શ્રમિકોને લાભ અંગે જાણકારી આપવા માટે ની ખાસ ગ્રામસભાનુ આયોજન કરવમાં આવેલ અને હવે ફરી આવનાર દિવસોમાં ગ્રામસભા યોજવામાં આવશે તેવું તાલુકા વિકાસ અધિકારી દ્વારા કહેવાયું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

ધારાસભ્ય જનક તળાવીયની જહેમતથી

# લાઠીનાં હીરાણા ગામે કાળુભાર નદી પરનાં ચેકડેમનું બાવન લાખનાં ખર્ચે રીનોવેશન કરાશે

## સમગ્ર પંથકનાં ગ્રામજનોમાં ખૂશીનો માહોલ

લાઠી, તા. ૨૬

લાઠી તાલુકાના હીરાણા ગામ ખાતે વહેતી કાળુભાર નદી પર આવેલ ચેકડેમના રીપેરિંગ કાર્ય માટે રૂા. ૫૨ લાખની સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. આ મહત્વપૂર્ણ મંજૂરી ધારાસભ્ય જનક તળાવિયાની સક્રિય રજૂઆત અને વિકાસ પ્રતિબદ્ધ પ્રયાસોના પરિણામે પ્રાપ્ત થઈ હોવાનું જાણવા મળ્યું છે.



હીરાણા ગામ તેમજ આસપાસના વિસ્તારો માટે કાળુભાર નદી જીવનરેખા સમાન છે. છેલ્લા કેટલાક સમયથી ચેકડેમની જર્જરિત હાલતને કારણે પાણી સંગ્રહ ક્ષમતા ઘટી ગઈ હતી, જેના કારણે ખેતી, પશુપાલન અને ભૂગર્ભ જળસ્તર પર પ્રતિકૂળ અસર પડી રહી હતી. સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ ચેકડેમના રીપેરિંગ માટે લાંબા સમયથી માંગ ઉઠાવી હતી.

આ બાબતને ગંભીરતાથી લઈને ધારાસભ્યએ સંબંધિત વિભાગ સમક્ષ અસરકારક રીતે રજૂઆત કરી હતી. તેમની સતત પ્રયત્નોના પરિણામે રાજય સરકાર દ્વારા રૂા. ૫૨ લાખની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવીછે, જે હિરાણા ગામ સહિત આસપાસના અનેક ગામો માટે લાભદાયક સાબિત થશે.

ચેકડેમનું રીપેરિંગ કાર્ય પૂર્ણ થયા બાદ વરસાદી પાણીનો સંગ્રહ વધશે, ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થશે. સાથે જ પશુપાલકોને પણ પાણીની સુવિધા મળશે અને સમગ્ર વિસ્તારના પર્યાવરણમાં સકારાત્મક બદલાવ આવશે.

આ મંજૂરી બદલ ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે ધારાસભ્ય હંમેશા વિસ્તારના વિકાસ અને જનસમસ્યાઓના નિવારણ માટે સંવેદનશીલ રહીને કાર્ય કરે છે. આ ચેકડેમ રીપેરિંગ પ્રોજેકટ તેમના વિકાસલક્ષી અભિગમનું વધુ એક ઉદાહરણ છે.

આ પ્રોજેકટ ટૂંક સમયમાં ટેકિનકલ પ્રક્રિયા પૂર્ણ કરીને કાર્યાન્વિત કરવામાં આવશે તેવી અપેક્ષા છે. જેથી આવનારા સમયમાં હિરાણા ગામ અને આસપાસના વિસ્તારોને પાણીની ચિંતા ન રહે અને ખેતી તથા ગ્રામ્ય જીવન વધુ સુખાકારી બનશે.

# જાફરાબાદમાં શાળા નજીકનો વીજપોલ જર્જરીત બન્યો

જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદના મોટા ઉચાણિયા આવેલ નિજાનંદ પ્રાથમિક શાળાની ગેટની બાજુમાં પીજીવીસીએલ નો પોલ ઝળબતા મોત સમાન ઉભો હોય તે વીજ પોલ નીચે ના ભાગે સાવ જર્જરિત હાલતમાં હોય આ પીજીવીસીએલ નો પોલ સ્કુલ ની બાજુમાં હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવી ભિતી સેવાઈ રહી છે. આ બાબતે નિજાનંદ પ્રાથમિક શાળા ના આચાર્ય દ્વારા પીજીવીસીએલ ને પત્ર લખીને જાણ કરવામાં આવી હોવા છતા પણ પીજીવીસીએલ દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. આ વીજપોલ કોઈ મોટી



જાનહાનિ સર્જાય તેની રાહ પીજીવીસીએલ જોતું હોય તેવું જોતા લાગી રહ્યું છે.

ગજેરા કેમ્પસ–વિદ્યાસભામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સિદ્ધિ

# અરે વાહ : અમરેલીનાં ખેલાડીઓ દેશનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરી તુર્કિસ્તાન રમવા જશે

## સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૨૬

તારીખ ૧૫થી૨૧ ડિસેમ્બર ૨૦૨૫નારોજ નેશનલ કક્ષાની ભાઈઓ –બહેનો કુરાશ ગેમ ચેમ્પિયનશીપનું આયોજન સહારનપુર ઉત્તરપ્રદેશ મુકામે થયું હતું. જયાં અલગ–અલગ રાજયના કુરાસ રમતના ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરેલ. તેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના કુરાશ ગેમ ખેલાડીઓએ ગુજરાત રાજય તરફથી પાર્ટીશીપેશન કરેલ. ૨૯ રાજય, ૪–કેન્દ્રશાસિત રાજયો એમ કુલ ૩૩ રાજયોમાંથી કુરાસ રમતમાં અંદાજીત ૮૦૦ થી વધુ ખેલાડીઓમાંથી ગુજરાતભરના કુલ ૧૪ મેડલ પ્રાપ્ત કરનાર ખેલાડીઓ પૈકી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલનાસમગ્રભારતમાંપ્રથમસ્થાન મેળ વી૭મેડલપ્રાપ્તકર્યાછેજેખરેખર ગુજરાત રાજયઅનેઅમરેલીજિલ્લામાટેગૌરવની વાતછે. આખેલાડીઓમાં૨–ગોલ્ડમેડલ પ્રાપ્ત કરનાર ખેલાડીઓઆંતરાષ્ટ્રીય કક્ષાએ ભારત દેશનું પ્રતિનિધીત્વ કરી તુર્કીસ્તાન રમવા જશે. આ સિદ્ધિ મેળવનારખેલાડીઓમાં (૧) ધાંધલાવિધિ ૪૦કેજીયુ–૧૭,૨), પેથાણીકાવ્યા ૩૬ કેજીયુ–૧૪, ગોલ્ડ મેડલ મેળવેલ, (૩) જતાપરાહીના૫૭કેજીયુ–૧૯–સિલ્વર મેડલ મેળવેલ તેમજ (૪) પંડયા રૂદ્રિકા ૪૮કેજીયુ–૧૭, (૫) ચૌહાણપૂજા ૪૪ કેજી યુ–૧૯, (૬) મેણીયા કલ્પેશ ૪૫ કેજી યુ–૧૭, ૭), માનકોલીયા હાર્દિક ૫૦કેજીયુ–૧૪બ્રોન્ઝમેડલમેળવેલ. આ સફળતા પાછળ ખેલાડીઓની મહેનત, શિસ્તબદ્ધ અભ્યાસ અને કોચ તેમજ સંસ્થાના માર્ગદર્શનનો મહત્વનો ફાળો રહ્યોછે. આસિદ્ધિથીઅન્યયુવાનોનેપણ રમતગમતક્ષેત્રે આગળવધવાનીપ્રેરણા મળશે. સંસ્થામાં અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારાપ્રશિક્ષણમેળવીસિદ્ધિઓપ્રાપ્તકરેલ છે. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ ધ્રુવરાજસિંહ ગોહિલ , ટ્રેનર– કૃપા ચૌહાણને અભિનંદન પાઠવ્યાહતા.

એડવોકેટ જલવાણી અને સુસરાની દલીલો સફળ

# બાબરા : ચેક રીટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

## જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટનો ચુકાદો





બાબરા, તા. ૨૬

બાબરા મુકામે રહેતા નિવૃત એ.એસ.આઈ. સોમાભાઈ મનુભાઈ તડવી અને રણુભાઈ ઉર્ફે રણજીતભાઈ દાદાભાઈ ધાધલ વચ્ચે મિત્રતાના ગાઢ સંબંધો હોવાથી આરોપી રણુભાઈએ જુલાઈ–૨૦૨૧માં દુકાનનો માલ સામાન લેવા માટે પૈસાની જરૂરિયાત હોવાનું જણાવી ફરિયાદી પાસે મદદ માંગી હતી. આથી સોમાભાઈએ અલગ–અલગ તારીખે કુલ રૂા. ૩,૧૯,૫૦૦ આપ્યા હતા. જે પૈકી બાકી રહેતી રકમ રૂા. ૧,૭૦,૦૦૦ના ચુકવણા માટે આરોપીએ તારીખ ૨૧/૨/૨૦૨૨ ના રોજ ચેક આપ્યો હતો.

સદર ચેક બેંકમાંથી પરત ફરતા ફરિયાદી દ્વારા આરોપીને નોટીસ આપવામાં આવી હતી જેનો આરોપીએ વિગતવાર જવાબ આપ્યો હતો. ત્યારબાદ સોમાભાઈ તડવી દ્વારા બાબરા કોર્ટમાં ફોજદારી કેસ નં. ૫૪૫/૨૦૨૨ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આકેસની સુનાવણી દરમિયાન બચાવ પક્ષના વકીલ વી.આર. સુસરા અને ઝેડ.આઈ. જલવાણી (જીતુભાઈ) દ્વારા ધારદાર દલીલો રજૂ કરવામાં આવી હતી.

અંતે, ફરિયાદી પક્ષ પોતાનું કાયદેસરનું લેણું સાબિત કરવામાં નિષ્ફળ રહેતા બાબરાના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) ગૌતમસિંહ દેવડાએ તારીખ ૨૪/૧૨/૨૦૨૫ ના રોજ આરોપી રણુભાઈ ઉર્ફે રણજીતભાઈ દાદાભાઈ ધાધલને કેસમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

વાહન વ્યવહારમાં વિક્ષેપ ઉભો થતાં વેપાર–ધંધા ઠપ્પ

# સાવરકુંડલામાં ઓવર બ્રિજની કામગીરીની ઝડપ વધારો

## જવાબદાર વિભાગ કામની ગતિ વધારે તેવી માંગ



અમરેલી, તા. ૨૬

સાવરકુંડલાના મહુવા માર્ગ ઉપરઘણા મહિનાઓની ઓવરબ્રિજની કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી હોવાથી વેપાર–ધંધા ઠપ્પ થઈ ગયા છે.

સાવરકુંડલા મહુવા રોડ ઉપર ચાલતું ઓવર બ્રિજના કામ થી ધંધાર્થીઓમાં રોષ જોવા મળેલ છે પુલનું કામ તાત્કાલિક પૂર્ણ કરો તેવી માગ ઉઠવા પામી છે.

સાવરકુંડલા મહુવા રોડ ઉપર ઓવર બ્રિજનું કામ પાંચમાં મહિના થી શરૂ કરવા માં આવ્યું છે આજે તે પુલના કામ ને છેલ્લા સાત મહિના જેવો સમય થવા આવ્યો છે છતાં પણ ઓવર બ્રિજ બન્યો નથી તેથી છેલ્લા સાત મહિના થી ૫૦૦ થી ઉપરાત ધંધાર્થીઓના ધંધા બંધ છે અને ધંધા વાળાઓને રોજી રોટી માટે આમથી આમ વલખા મારવા પડે છે ગોકુળ ગાયની ગતિ એ ચાલતું આ ઓવર બ્રિજના કામ ને વેગ આપવા માટે કોઈ કહેવા વાળું નથી આ ઓવર બ્રિજના કામ પૂર્ણ ન થતા તું વ્હીલ થી મોટા મહાકાય વાહનોને આવવા જવવામાં ભારે મુશિબત પડે છે એટલે ગોકુળ ગતિ એ ચાલતા કામના લીધે ધંધાથી ધંધા વિહોણા અને વાહન ચાલકોમાં પણ પરેશાની ભોગવી રહ્યા છે રેલવે તંત્ર આ ઓવરબ્રિજનું કામ યુધ્ધના પૂર્ણ કરવો તેવી પ્રબળ બની છે.

પાલિકા અને શહેર ભાજપનાં અગ્રણીઓ દ્વારા

# બાબરા ખાતે બાર એસોસિયેશનનાં નવનિયુક્ત પ્રમુખ પ્રતાપભાઈ ખાચરને સન્માનીત કરાયા

## પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ, કા.ચે. પણ જોડાયા

બાબરા, તા. ૨૬

બાબરામાં બાર એસોશિયનના નવ નિયુક્ત પ્રમુખ તરીકે એડવોકેટ એન્ડ નોટરી પ્રતાપભાઈ ખાચરની બિનહરીફ વરણી થતા તમામ સમાજના અગ્રણીઓ સ્નેહીજનો મિત્રો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. ત્યારે નગરપાલિકા અને શહેર ભાજપના અગ્રણીઓ દ્વારા પણ પ્રતાપભાઈ ખાચરને સન્માનિત કરવામાંનો એક કાર્યક્રમમાં યોજાયો હતો.

જેમાં નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, પાલિકા સભ્ય ભૂપતભાઈ બસિયા,ધર્મેશભાઈ વાવડીયા, તેમજ શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી જગદીશભાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

વાવડીયા, મહેશભાઈ હેરમાં, દેવશીભાઈ મારૂં, કરીમભાઈ કોટડીયા, મુકેશભાઈ પીપળવા, યગ્નેશભાઈ શુકલ સહિતના અગ્રણીઓ દ્વારા બાબરા બાર એસોશિયનના નવ નિયુક્ત પ્રમુખ પ્રતાપભાઈ ખાચરનું ભવ્ય સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી.

# બાબરા ખાતે ભાવનગર થી દ્વારકા જતી સ્કેટીંગ યાત્રાનું આગમન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં આજે રમતગમત અને સાહસનો અનોખો સંગમ જોવા મળ્યો. 'મોબાઈલથી દૂર રહો અને રમતગમત અપનાવો' તેવા ઉમદા હેતુ સાથે લાયન્સ સ્કેટિંગ ક્લબ ભાવનગર દ્વારા ભાવનગરથી દ્વારકા સુધીની સ્કેટિંગ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા આજે બાબરા ખાતે પહોંચતા લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. જેમાં ૮ થી ૧૫ વર્ષના નાના ભૂલકાઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આજના ટેકનોલોજીના યુગમાં બાળકો મોબાઈલમાં ગેમ રમવાને બદલે મેદાનમાં રમે અને શારીરિક રીતે મજબૂત બને તેવો સંદેશ આ યાત્રા દ્વારા આપવામાં આવી રહ્યો છે. બાબરા પોલીસદ્વારા પણ આ યાત્રાને પૂરતો સહકાર આપી ટ્રાફિકનું સુચાઢ સંચાલન કરવામાં આવ્યું હતું.

## અનેક જનપ્રતિનિધિઓ આવ્યા અને ગયા છતાં દાયકા જુની સમસ્યા દૂર થતી નથી

# સાવરકુંડલામાં શાકમાર્કેટની વર્ષો જુની સમસ્યાનું કરો નિરાકરણ

**શાકમાર્કેટ એ એવું સ્થળ કે જ્યાં અમીર, ગરીબ સહિત સૌ કોઈની અવરજવર રહેતી હોય છે**

**સૌથી વધારે અવરજવર મહિલાઓની હોવા છતાં પણ સુવિધાસભર માર્કેટનો અભાવ**

**વિકાસ સર્વાંગી હોવો જોઈએ માત્ર માર્ગો કે પુલો પુરતો સીમિત ન હોવો જોઈએ**

**પાલિકાની ચૂંટણી આવી રહી હોય તે પહેલા શાકમાર્કેટની સમસ્યા દૂર થાય તો સારૂ**






સાવરકુંડલા, તા. ૨૬

અનેક દસકાઓ વિતી ગયા પરંતુ સાવરકુંડલાની નદી બઝારમાં બેસતી શાકમાર્કેટના નસીબ ન બદલ્યા. એક બિલાડીના બચ્ચા કે ફૂટબોલ માફક કભી યહાઁ કભી વહાઁ જાયે તો કિસ્મત કે મારે અબ જાયે કહાઁ ?? સાવરકુંડલા શહેરના દુર્ભાગ્ય કહો કે શાકમાર્કેટની બદનસીબી છેલ્લા કેટલાય દસકાઓથી કોઈ અવતારી પુરૂષની રાહ જોઈ રહી છે આ શાકમાર્કેટ કે કોઈ આવે અને એનો ઉધ્ધાર કરે. આમ ગણીએ તો શાકમાર્કેટ એક એવુ સ્થાન છે જયાં અમીર ગરીબ કોઈ પણ ભેદભાવ વગર આવે છે. અહીં પક્ષ શું કે વિપક્ષશું ? દરેક કોમના, દરેક ધર્મના લોકો એ નાવલીની શાકમાર્કેટની મુલાકાત લેતાં જોવા મળે છે. પરંતુ શાકમાર્કેટની હાલત પર કોઈ એની કાયાકલ્પ માટે કોઈ પણ અવાજ નથી ઉઠાવતું. કોરોના સમયગાળા દરમિયાન આંખની હોસ્પિટલ અને વ્યાયામ મંદિરના સંકુલમાં પણ આ શાકમાર્કેટે નિવાસ કરેલ છે. સમયનું ચક્ર જેમ જેમ ફરે છે તેમ તેમ આ શાકમાર્કેટનું ભવિષ્ય અનિશ્ચિતતા અને અજંપામાં પરિવર્તિત થઈ જાય છે. હાલ તો આ શાકમાર્કેટ શહેરમાંથી પસાર થતાં અમરેલી-મહુવા મુખ્ય માર્ગના બંને કિનારે શાકભાજી વિક્રેતા લાચાર બની શાકભાજી વેચતા જોવા મળે છે અને ઘણી વખત ટ્રાફિક અડચણ માટે બદનામ પણ થઈ છે.!! સાવરકુંડલા શહેર એક હાઈજેનિક શાકમાર્કેટ ઉપલબ્ધ જોવા વર્ષોથી ટળવળે છે. પરંતુ હજુ પણ સુવ્યવસ્થિત હેલ્થ અને હાઈજેનિક શાક માર્કેટ તેના નસીબમાં ઉપલબ્ધ નથી.

હવે તો શાકમાર્કેટ ખાતે કોઈ સજજન પુરૂષ આવે અને તેનો આ આર્તનાદ ખરા હૃદયથી સાંભળે તો એના ચિત્કારમાં પણ આ શબ્દો જ સંભાળશે મારો એવો કયો અપરાધ કે મને દસકાઓથી કોઈ ચોક્કસ સ્થાન વગર રેંઢી મૂકી છે ? હે અવતારી પુરૂષ જેમ ભગીરથ રાજાએ સ્વર્ગમાંથી ગંગા ઉતારી એનો પૃથ્વી લોક પર અવતરણ કરાવ્યું કંઈક એવું જ કોઈ પાવરફૂલ, સક્ષમ અને ૠજુ હૃદય ધરાવતો રાજનેતા જ મારો ઉધ્ધાર કરી શકે. પરંતુ બેબસ અને લાચાર આ નાવલીમાં કંડારાયેલી આ શાકમાર્કેટનો ઉધ્ધાર કરે એની પ્રતિક્ષા. હા, સમ ખાવા પૂરતી બે શાકમાર્કેટ જે તે સમયે નગરપાલિકા દ્વારા સાવર અને કુંડલા વિભાગમાં બાંધવામાં આવી પરંતુ તેનું લોકેશન કદાચ લોકોને પણ પસંદ નહીં હોય એટલે એ બંને માર્કેટ હવે ખંડેર થવા પડી છે. ત્યાં ચકલું ય નથી ફરકતું !! અને નાવલી શાકમાર્કેટ એક અતૃપ્ત આત્માની માફક એક સારા લોકેશનની તલાશમાં આમતેમ ફૂટબાલ માફક ભટકી રહી છે.!!

રીવર ફ્રન્ટના સપનાને સાકાર કરવા માટે પણ આ શાકમાર્કેટ માટે યોગ્ય સ્થળાંતર ખૂબ આવશ્યક છે. પરંતુ તેનો ભાગ્યોદય કયારે થશે એ તો હવે નિષ્ઠુર સમય જ કહેશે. લોકોના સ્વાસ્થ અને દીર્ઘાયુ માટે એક અદ્યતન સુવિધાસભર શાકમાર્કેટ ખૂબ જરૂરી છે.

## બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યા મુદ્દે જાહન્વી કપૂરે પ્રતિક્રિયા આપી

મુંબઈ, તા. ૨૬

બાંગ્લાદેશમાં ઈન્કલાબ મંચના પ્રવકતા અને જેહાદી ઉસ્માન હાદીની હત્યા બાદ હિંસા ફાટી નીકળી છે. આ હિંસામાં દીપુ ચંદ્ર નામના હિંદુ યુવક તથા એક સાત વર્ષની બાળકીએ જીવ ગુમાવ્યો છે. જોકે, ૨૦૨૪માં બાંગ્લાદેશમાં થયેલા તખ્તાપલટ બાદ હિંદુઓની હત્યાઓનો સિલસિલો વધ્યો છે, જે અટકવાનું નામ લઈ રહ્યો નથી. જેને લઈને ભારતીયોમાં રોષ ફેલાયો છે. લોકો પોતાનો આક્રોશ સોશિયલ મીડિયા પર વ્યકત કરી રહ્યા છે. તાજેતરમાં બોલીવુડમાંથી અભિનેત્રી જહાન્વી કપૂરે 'દીપુ ચંદ્ર દાસ'ના નામ સાથે એક પોસ્ટ કરીને પોતાનો રોષ ઠાલવ્યો છે.જહાન્વી કપૂરે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરીને પોતાની પ્રતિક્રિયા આપી છે. જહાન્વી કપૂરે લખ્યું છે કે, બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે, તે ક્રૂરતા છે. આ નરસંહાર છે, આ કોઈ એક ઘટના નથી. જો તમે તમારા આ અમાનવીય સાર્વજનિક લિંચિંગ વિશે નથી જાણતા, તો તેના વિશે વાંચો, વીડિયો જુઓ, પ્રશ્નો પૂછો. તેમ છતાં જો તમને ગુસ્સો નથી આવતો, તો એના પહેલા કે તમે કશું સમજશો આ પ્રકારનો દંભ - ઢોંગ આપણને તબાહ કરી દેશે.''જહાન્વી કપૂરે આગળ જણાવ્યું કે, દુનિયાના કોઈ છેડે થનારી ઘટનાઓ પર આપણે રડતા રહીશું જ્યારે આપણા પોતાના ભાઈ-બહેનોને જીવતા સળગાવી દેવામાં આવશે. કોઈ પણ રીતે કટ્ટરવાદની નિંદા થવી જોઈએ અને તેને સમાપ્ત કરવો જોઈએ. એના પહેલા કે આપણે આપણી માણસાઈ ભૂલી જઈએ.ઉલ્લેખનીય છે કે, જહાન્વી કપૂર સિવાય પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રી તથા ટીવી સાથે જોડાયેલા એવા ઘણા કલાકારો છે, જે બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંદુઓની હત્યા પર પોતાનો આક્રોશ વ્યક્ત કરી ચૂક્યા છે, જેમાં દીયા મિર્ઝા, રવીના ટંડન, કોમેડિયન મુનવ્વર ફારૂકી તથા ફલક નાઝનો સમાવેશ થાય છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ફેશન પરિધાનના શોખીન બહેનો માટે ખુશ ખબર... ખુશ ખબર...
આધુનીક અને આજની ફેશનને અનુરૂપ ફેશનેબલ વસ્ત્રો બનાવવા માટે હવે અન્ય શહેરોમાં ન જતાં આપની અમરેલીમાં જ "રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈનર" આપની પસંદગીની ડીઝાઈનોમાં અત્યાધુનિક ફેશનબલ વસ્ત્રો બનાવી આપશે જેમાં અત્યાધુનિક સબ્યસાચી બ્લાઉઝ, ટીવી સીરીયલ તેમજ ફિલ્મો જેવા ગુજરાતી, મરાઠી, સાઉથ ઈન્ડિયન, મારવાડી સ્ટાઈલમાં વિવિધ ચણીયા ચોળી ડ્રેસ તેમજ બ્લાઉઝ -વનપીસ તમામ પ્રકારની ચોલી-ગાઉન વિગેરે અત્યાધુનિક ડિઝાઈન-ફેશનને અનુરૂપ ફોટા-વિડિયો ઉપરથી પણ ડિઝાઈનને અનુરૂપ બનાવી આપવામાં આવશે
રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈન
વૃંદાવન પાર્ક-૪, એસ.ટી.ડીવીઝન સામે, લાઠી રોડ - અમરેલી
મો. ૬૩૫૫૫ ૭૬૯૯૯

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મોં. ૯૪૨૬૪ ૪૮૨૯૨

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
4 BHK
લોનેબલ ટાઇટલ કિલયર
21.9 X 42.8 ગ્રાઉન્ડ એરીયા
૧૭, એન્જલ-૨, લાઠી રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

MARUTI SUZUKI ARENA
The Victorious Journey Begins...
MARUTI SUZUKI VICTORIS
PRICE STARTS AT 10.49 LAKHS
BOOK YOUR VICTORIS TODAY!
મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058*
INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

Hero
DECEMBER DHAMAKA EXCHANGE OFFER
Premium Xtreme 160 ₹5000*
₹2500 Exchange Offer
*T & C Apply
Navnit Hero
ગોપી હોલ્ડ઼ઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

# 'માણસ' બનવાનો મોકો

દક્ષિણ–ભારતના એક ગામની આ સત્ય ઘટના છે. સદાનંદનું આંતરિક બંધારણ જ એવું હતું કે તે ક્યારેય 'સજ્જન' ન બની શકે !દેખાવે તે કદી ભોળો કે ભલો લાગે જ નહિ તેને ધર્મનો તો લગરીકે ડર નહિ. વળી કોઈ માણસ સદાનંદનો ક્યારેય ભરોસો ન કરે. આથી જ શાકવાળી તેની પાસેથી રોકડા પૈસા ગણીને જ શાકભાજી આપે.આમ છતાંય તે નજર ચૂકવીને હોટેલવાળાને પૈસા ચૂકવ્યા વિના સરકી જતો.સદાનંદ ખ્રિસ્તીઓની કબરો અને શબપેટીઓ બનાવતી 'હેવન્સ ગેટ' નામની કંપનીમાં મુનીમ તરીકે કામ કરતો. આમ તો હિન્દુસ્તાની કંપની. તેના માલિક જ્ઞાનસહાયમ્. કંપનીનો વેપાર મોટો નહિ તેથી મુનીમનો પગાર પણ ટાંચો. બચરવાળ હોવાથી માંડ માંડ ગુજરાન ચાલે.એક દિવસ બપોરના બે વાગ્યે પોસ્ટ–ઓફિસે ટપાલ નાખવા ગયો, ત્યાં તેને એક વૃધ્ધ સ્ત્રી મળી.

તેણે સદાનંદને કહ્યું : 'મહેરબાન, મારે દીકરીને રૂપિયા મોકલવા છે. મને તમે આ 'ફારમ' ભરી દેશો ? સાંઠ વટાવી ચૂકેલી તે ડોસી રંગે ગોરી હતી, પણ એણે સસ્તી અને ફાટેલી સાડી પહેરી હતી. તે ખૂણામાંની ખુરશી પર તે વૃધ્ધા સામે બેઠો : 'મા, કેટલા રૂપિયા મોકલવા છે ?' 'દીકરી કલારાને પચાસ રૂપિયા મોકલવા છે. મારી એકની એક દીકરીને માસ્તરાણી બનાવવા ભણવા મોકલી છે. તેનો પત્ર છે કે તેની પાસે સારી સાડી પણ નથી.'સદાનંદને અચાનક યાદ આવ્યું કે તેને ય ત્રીસ રૂપિયાની જરૂર છે. તેની મોટી દીકરીને જોવા ત્રણ દિવસ પછી મહેમાનો આવવાના છે, પણ તે ઘોર ગરીબીને લીધે ચટાઈ પણ ખરીદી શકતો નહોતો. તેણે ઉછીના પૈસા લેવા ઘણી કોશિશ કરી, પણ તેને કોણ પૈસા આપે ?કંપનીના ઉપાડનું વ્યાજે ય ભરાતું નહોતું. દીકરીની સગાઈનો અવસર માંડમાંડ આવ્યો પણ પાસે ફૂટી કોડીયે નહોતી. મહેમાનોનો સારો સત્કાર થાય તો સગાઈ થાય ને ? વિચારતંદ્રામાંથી જાગીને તેણે પૂછ્યું : ' માડી ! તમે શું કરો છો ?' 'ચર્ચ સામે ફૂલ ને મીણબત્તીઓ વેચું છું.'તે ડોસી થોભીને બોલી : 'હું તો ગરીબ છું, પણ મારી દીકરી તો મોટા માણસો વચ્ચે રહે છે ને ? તેને સારી બે સાડી તો જોઈએ ને ? ભઈલા ! અમારી મુસીબતો થોડી બેસી રહેવાની છે ? તે ભણી લેશે તો લીલા લહેર થશે !સદાનંદને થયું કે તેની હાલત તે ડોસી જેવી જ છે ! ' હેવન્સ ગેટ' કંપની તે ગરીબ મુનીમ માટે ક્યારેય 'સ્વર્ગનો દરવાજો' બની શકે તેમ નહોતી ! અત્યાર સુધી તો તે કંપની સદાનંદ માટે 'મૃત્યુનો દરવાજો' જ બનીને રહી હતી !'મને તમારી દીકરીનું સરનામું લખાવો.'સરનામું લખતી વેળા મુનીમના હાથ કંપતા હતા. તેણે માંડમાંડ ફોર્મ ભર્યું. ફોર્મ ડોસીના હાથમાં આપીને તેણે તે પાછું ખેંચી લીધું: 'લાવો રૂપિયા, મનીઓર્ડર કરીને હું રસીદ લાવી દઉં. ' ડોસી તેની સામે આભારની નજરે જોતી રહી. પાંચ મિનિટમાં જ સદાનંદે ડોસીના હાથમાં રસીદ મૂકી દીધી.ડોસી તેનો આભાર માનીને ચાલતી થઈ. સદાનંદ તેને જોતો જ રહ્યો કંપનીમાં




પહોંચી તે કામે લાગ્યો, પણ તેનું ચિત્ત ન ચોટ્યું.હિસાબમાં ભૂલો થતાં તે ઘર તરફ ચાલી નીકળ્યો. ઘેર પહોચીને, પાણી પીતાંપીતાં તેણે જુવાન દીકરી સામે જોયું પણ નજર ઢળી પડી ! દીકરી સિલ્વીએ છીંટની સાધારણ સાડી ને સફેદ બ્લાઉઝ પહેર્યાહતાં ! તેને જોતાંઆંખો ભીની થઈ, મનોમન તે બબડયો : 'હે પ્રભુ ! કીચડમાં કમળ ઉગાડવાની શી જરૂર હતી ?'જમતી વખતે તે અડધા ભાણે ઊઠી ગયો. રાતે તે સૂઈ પણ ન શક્યો. બીજે દિવસે સવારે ટપાલીને જોતાં જ તેણે પૂછ્યું : શું મારૂં મની–ઓર્ડર છે ?ટપાલીએ ફોર્મ આપ્યું. સદાનંદે સહી કરીને પચાસ રૂપિયા ગણી લીધા, પણ તેના અંતરમાં ખટકો ઉડયો. પછી પોતાની સ્થિતિનો વિચાર કરીને મનને પટાવવા લાગ્યો : 'સદાનંદ! માની લેવું કે કોઈ સ્નેહાળ માતાએ તેની દીકરીને પચાસ રૂપિયા મોકલ્યા છે.'કલારાની જેમ સિલ્વીને પણ તેની જ દીકરી છે ને ?' પછી તે પોતાના મનને મજબૂત કરતો રહ્યો : 'મેં દગો કર્યો છે તેવું કોઈ સાબિત કરી શકશે ?આ તો સાક્ષીવિનાની ચોરી છે. મારા હાથે મેં રૂપિયા મોકલ્યા તો તે જ હાથે લેવાનો મને હક્ક ખરો કે નહિ ? ડોસી પાસે ક્યાં કોઈ પુરાવો છે કે મેં દગો કર્યો છે !સદાનંદ મનોમન હસવા જતો હતો ત્યાં જ ટપાલીએ તેના હાથમાં પત્ર મૂકીને તેની બધીજ ભ્રમણાઓનો ભૂક્કો બોલાવી દીધો ! છોકરાના પિતાએ પત્રમાં લખ્યું હતું :'અત્યારે અનુકૂળતા ન હોવાથી મહિના પછી આવીશું.'પત્ર વાંચીને સદાનંદના અંતર પર હજાર–હજાર હથોડા ટીપાવા લાગ્યા. થયું કે તેણે કેટલું મોટું પાપ કર્યું ! શું એક છોકરીની સાડીને વૃદ્ધ માતાના વાત્સલ્યની ચોરી તેને જતો કરશે ? તેનું હૃદય એકદમ ખળભળી ઉઠ્યું. 'મેં રોજિંદા ખર્ચ માટે ક્યારેય ચોરી ન કરી ને છેક હવે હરામના પૈસામા હાથ નાખ્યો ? દીકરીના સુખ માટે કૂડું કામ કર્યુ પણ હવે તો તેની યે જરૂર નથી ! બસ, તે ડોસીને પૈસા પાછા વાળીને જે મારા જીવને જંપ વળશે !' સદાનંદને ડોસીનું સરનામું યાદ હતું, પણ તેની દીકરીનું સરનામું ભૂલી ગયો હતો. લાચાર બનીને તેણે વૃદ્ધ મેરીના સરનામે રૂપિયા મોકલતા કૂપનમાં લખ્યું:'ભૂલથી તમારી દીકરીના સરનામાની જગ્યાએ માઢં સરનામું લખાઈ ગયું હતું. રૂપિયા મને મળતા આપને પાછા વાળું છું. આપ દીકરી કલારાને તે મોકલશો ને મને માફ કરશો.' ડોસીને મની–ઓર્ડર કરીને સદાનંદને નિરાંત અનુભવી.બે દિવસ પછી સવારે જયારે તે કંપનીએ જતો હતો, ત્યાં પોસ્ટમેને તેને રોકીને કહ્યું : ' લો, તમારૂં મની–ઓર્ડર પાછું આવ્યું છે !'મનીઓર્ડર પર શેરો હતો : 'લેનાર મરી જવાથી મૂળ ધણીને પરત ! સદાનંદ પર જાણે વીજળી ત્રાટકી.'મેં જ તેની માનો છેલ્લો સંદેશો અને રૂપિયા રોકી રાખ્યા ! હું મા ને દીકરીનો ગુનેગાર છું. હે પ્રભુ ! સદાનંદ ખિન્ન થઈને ફાટી પડે તેટલું રયો. ગુનાનું પાપ તેના અંતરમાં મોટું ને મોટું થતું રહ્યું. હવે તો કલારાને રૂપિયા પાછા વાળવા વિના બીજો કોઈ માર્ગ જ નહોતોસદાનંદ વિચારતો–વિચારતો કંપનીની ઓફિસે પહોંચ્યો. દસેક વાગ્યે તેનો દીકરો થેલી લઈને આવ્યો :'પિતાજી ! ઘરમાં ચોખા સાવ ખલાસ છે' રેશનવાળા પર ચિઠ્ઠી લખીને પુત્રને પાછો વાળ્યો.બપોરે રિસેસમાં ઘેર જતા પહેલાં તે ડોસીને ત્યાં ગયો. માના મૃત્યુનો તાર દીકરીને કર્યો હતો, પણ કલારા માનું મોં ન જોઈ શકી. તે પહોંચી તે પહેલા શબપેટીમાં મૃતદેહ ભીડાઈ ગયો હતો. તે જુવાન, નોધારી છોકરી પાસે પાંચ–છ સ્ત્રીઓ બેઠી હતી. પડોસણને કલારા કહેતી હતી : 'દીદી, ન તો હું માને માટે સારી કબર બનાવી શકીશ કે ન તો તેના પર ક્રોસ મૂકાવી શકીશ. પાસેપૈસા જ નથી. આ તે અમારી કેવી કમનસીબી !પછી કલારા નિસાસો નાખીને બોલી :'બસ, ફકત માટી વાળીને, ક્રોસને બદલે લાકડાના કટકો મૂકીને મન મનાવવાનું. હે પ્રભુ ! હું કેટલી પાપી છું !'તે શબ્દો સાંભળીને સદાનંદની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા ! કલારાની નજર તેના પર પડતાં પૂછ્યું : 'કોણ છો તમે ?'સદાનંદને થયું કે તે સાચી વાત કહી દે, પણ તેણે મનને વાળી લીધું ! તે જાણતો હતો કે તેનું પરિણામ અપમાન અને ફિટકાર જ હોય ! તેણે વાત ફેરવી : 'હેવન્સ ગેટ' કંપનીનો મુનીમ છું. મને હમણાં જ જાણ થઈ કે મા મેરીનું મૃત્યું થયું છે ! તેઓ અમારી પાસે પચાસ રૂપિયા થાપણ તરીકે મૂકી ગયા હતા તે હું પાછા વાળવા આવ્યો છું !'તેની વાત સાંભળીને સૌ તેની પ્રામાણિકતાને બિરદાવવા લાગ્યા. વાત સાંભળતા જ કલારા રડી પડી : ' ઓહ ! ગ્રેટ ગોડ !'સાચી વાત તો કેવળ સદાનંદ જ જાણતો હતો ! જે રૂપિયા સાડી માટે હતા, તે પુનિત–કાર્ય માટે વપરાતા હતા ! સદાનંદે પચાસ રૂપિયા પાછા આપ્યા. પછી પોતાની કંપનીમાંથી સાવ નજીવા નફાથી સુંદર કબર અને પથ્થરના ક્રોસની વ્યવસ્થા કરી આપી.તે જયારે ઘેર જમવા ગયો ત્યારે પત્નીએ કહ્યું: 'તમે રેશનવાળા પરી ચટ્ઠી લખી આપી, તેણે ખાતે ચોખા ન આપ્યા !'તેની પત્ની પડોસીમાંથી થોડા ભાત માગી લાવી.સદાનંદે નિર્ણય કર્યો કે હવે તે ગરીબાઈમાં મરી જવાનું પસંદ કરશે, પણ કોઈને છેતરશે નહિ !તે ઈરની કૃપા માટે વારંવાર આભાર માનવા લાગ્યો : 'હે પ્રભુ ! તારો મારા પર મોટો ઉપકાર કે તેં મને જીવનમાં એકવાર 'માણસ' બનવાનો મોકો તો આપ્યો !'

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# જ્ઞાનમંજરી

**રમત જગત**

(૧) હોકીની પ્રત્યેક ટૂકડીમાં કેટલા ખેલાડીઓ હોય છે ? – ૧૧
(૨) હોકીની રમતમાં ગોલના બે થાંભલા વચ્ચે કેટલું અંતર હોય છે ? – ૩.૬૫ મીટર (૩) હોકીના મેદાનની લંબાઈ–પહોળાઈ કેટલી હોય છે ? – ૯૧.૪૪ મીટર લંબાઈ, ૫૦.૨૯ મીટર પહોળાઈ (૪) હોકીના દડાનું વજન કેટલું હોય છે ? – ૧૫૬ થી ૧૬૩ ગ્રામ (૫) હોકીની રમતમાં હોકી સ્ટીકની લંબાઈ કેટલા મીટર હોય છે ? – ૧ મીટર (૬) વોલીબોલની રમતમાં એક ટૂકડીમાં કેટલા ખેલાડી હોય છે ? – ૬ (૭) વોલીબોલના મેદાનની લંબાઈ–પહોળાઈનું માપ કેટલું CMI K[ ? – ૧૮ મીટર લંબાઈ ૯ મીટર પહોળાઈ (૮) વોલીબોલના દડાનુ વજન કેટલુ હોય છે ? – ૨૬૦ થી ૨૯૦ (૯) વોલીબો,DF\ G[8GL ,\AF.v5CM/F. S[8,L CMI છે ? – ૯.૫૦ મીટર લંબાઈ ૧.૦૦ મીટર પહોળાઈ
(૧૦) રણજીત ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલી હોય છે ? – ક્રિકેટ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## રજાની મજા

વેકેશન પડે અને શહેરી પંખીડાં ગામડે આવી પહોંચે. શાંત માળો ગુંજી ઊઠે. દાદા–દાદીના હૈયે હરખ ઊભરાય. છોકરાઓને કેડબરી કે કોલા ન મળે, મળે શેડકઢા દૂધ, માખણ. જાબુ, જામફળ, કાતરા અંગ્રેજી ભૂલાયને ગુજરાતી સોળે કળાએ ખીલી ઊઠે. સહિયારો કુંટુબમેળો જામ્યો હોય. જુની વાનગીઓ નવી થાય. સીમ પાદરમાં ફરવાનું થાય. ને વેકેશન પુરૂ થતાં આવી પડે સુનકાર, ભેંકાર, શાંતી અને દાદા–દાદી માટે આ મધુર સ્મરણો બીજા વેકેશન સુધીનું જીવન ભાથું બની રહે.

## એક પ્રકારની મનોવૈજ્ઞાનિક અને મુંઝવણ – પુર્વગ્રહ

વિદ્વાનોએ ઉચ્ચારેલું એ જાણીતું વાકય છે કે મનુષ્ય ઉપગ્રહ છોડી શકયો છે પણ પૂર્વગ્રહ છોડી શકયો નથી. ખુલ્લા મનની તટસ્થ વિચારશીલતા પરનો એક આઘાત એટલે પૂર્વગ્રહ છોડી શકયો નથી. ખુલ્લા મનની તટસ્થ વિચારશીલતા પરનો એક આઘાત એટલે પૂર્વગ્રહ છે. કિલનિકલ સાયકોલોજીએ એવું પુરવાર કર્યુ છે કે મનુષ્યને જયારે ફરી ન થવાનો હોવા છતાં મનુષ્યને અગાઉના જ અનુભવનું પુનરાવર્તન થવાનું માનસિક રટણ રહે છે જે નવા થનારા સારા અનુભવ પરત્વે પર એક પ્રકારની ઉપેક્ષા જગાડે છે. વિદ્યાર્થીને ગણિત અઘરૂ છે એવો પુર્વગ્રહ બંધાઈ જાય પછી એનો ગણિતમાં વિકાસ અટકી જાય છે. પોતાનું હિત કરનારા નથી તેવો પૂર્વગ્રહ બંધાઈ જાય તો હિત કરનારાઓના કોઈ પ્રભાવ કે




પોતાને કષ્ટદાયી એવા અનુભવો જે તે સ્થળ, સમય કે વ્યકિત તરફથી થાય છે ત્યારે મગજના સ્મૃતિ કોષોમાં અમુક નિશ્ચિત જગ્યાએ કેટલુંક, આંશિક લોહી ગંઠાઈ જાય છે, આને કારણે એ જ પ્રકારના સ્થળ, સમય અને વ્યકિત સાથે કામ પાડતી વખતે તેના સ્મૃતિ કોષ જાગૃત થઈને પુર્વાનુભવને ફરી સ્મરણમાં તાજો કરી આપે છે. જેથી એવો જ અનુભવ પરિણામ ઉપજતા નથી. હકીકતમાં તો પૂર્વગ્રહ એક સ્વને જાણ ન થતી પીડા છે. એમાંથી એને કોઈક જ વૈચારિક માર્ગદર્શક ગુરૂજન મુકિત અપાવી શકે. સમજણ પરિપકવ થયા પૂર્વેના મોટાભાગના અનુભવો ઝડપથી પૂર્વગ્રહમાં રૂપાંતરિત થતાં હોવાને કારણે મનુષ્યને તેની કાચી વયે વિશેષ માનસિક સંભાળની જરૂર રહે છે.

## બાપના હદયને દીકરીથી વધારે કોણે જાણ્યું છે

સાસરિયાનું દુઃખ સહન ના થાય ત્યારે દીકરી નાછૂટકે મા આગળ અંતરની વેદના ખોલે છે. પાછું એ ગભરૂ હદય બાપની ચિંતા જાણે છે. દીકરીના દુઃખ સાંભળનારી મા આસુંડા સારીને દુઃખને હળવું કરી શકશે. બાપ આસું નહીં સારી શકે. દીકરીના દુઃખે બાપ અંદરને અંદર




પણ કરે,

"બા, મારા બાપુને વાત કરતી નહીં. નકામી ચિંતા કરશે." અહીં લાખ રૂપિયાનો સવાલ એ થાય કે, બાપુને ચિંતા ન થાય એની કાળજી લેનારી દીકરીએ એના દુઃખમા આગળ કેમ રોયા હશે કરૂણાનાં સાગર જેવી ડાહી દીકરી હિજરાયા કરશે.

સાસરે સહન કરતી દીકરી જાણે છે,

"માનું હદય તૂટયુ તો સાંધી શકાશે, બાપનું તૂટયું તો સંધાતા ભવ લાગે..."

બાપના હદયને દીકરીથી વધારે કોણે જાણ્યું છ !

## હસવાની મનાઈ છે.

ગ્રાહક : 'જો ભાઈ, તમારી પાસેથી લીધેલી આ ઘડિયાળ બરાબર સમય બતાવતી નથી.'ઘડિયાળી : 'સાહેબ, તમે તો જાણો જ છોને, અત્યારે સમય જ બહુ ખરાબ છે.'ડોકટર : 'તમે તો ખૂબ જ અશકત થઈ ગયા છો. મારા દવાખાને કેમ આવતા નથી ?'દર્દી : આવી અશકત હાલતમાં કઈ રીતે આવી શકાય ? સાજો થઈ જઈશ પછી આવીશ.શિક્ષક : બોલ રાજેશ, મંકીનો સ્પેલિંગ બોલ ?રાજેશ : એમ ઓ એન કે ઈ વાય.શિક્ષક : ચોપડીમાં જોઈને બોલ્યો ને ?રાજેશ : ના સાહેબ, તમારી સામે જોઈને ! એક મિત્ર : મેં તારી પાસે પાંચ છ વાર પૈસા માંગ્યા, પણ મારા લીધેલા પૈસા તું પાછા કેમ આપતો નથી ?બીજો મિત્ર : મેં પણ દસ બાર વખત પૈસા માંગ્યા, પછી જ તેં આપ્યા હતા ને ? શેઠ : રામુ તું ગઈ કાલે જે દીવાસળીનું બોકસ લાવ્યો હતો તેમાંથી એક પણ દીવાસળી સળગી નહી.રામુ : ગજબ કહેવાય શેઠ. મેં તો એકેએક દીવાસળી સળગાવીને જોઈ હતી.પતિ : તારી પાસે મોબાઈલ હતો, તો પણ તેં મને લટર કેમ લખ્યો ?પત્ની : પહેલાં મેં મોબાઈલ જ



લગાડયો હતો, પણ અંદરથી જવાબ આવ્યો 'ટ્રાય લેટર'એક સુરત શહેરનો માણસ પંડિતજી પાસે ગયો અને કહે મને સંસ્કૃત શીખવાડો.પંડિતજી : અરે તારે સંસ્કૃત શીખીને શું કરવું છે ?સુરતી : જો મરી ગયા પછી સ્વર્ગમાં જવું હોય તો સંસ્કૃત આવડવી જોઈએ ને ?પંડિતજી : અને નરકમાં ગયો તો? તો તો સુરતી આવડે જ છે ને ?

# નીડર કાગડો – ડો. નીરજ મહેતા

એક કાગડો હતો. એ કદી કોઈનાથી ડરતો નહીં. હંમેશાં ગાતો :

"ડર કેવો ને કેવી વાત
દિવસ હો કે કાળી રાત,
ડરાવવા જો કોઈ આવે
એની સામે કાઢું દાંત."

એક દિવસ કાગડો ગાતો–ગાતો ખેતરમાં પહોંચ્યો. ખેતરમાં સુંદર જાની બાજરીનો પાક લૂમઝૂમ થતો હતો. કાગડાને થયું કે અહીં થોડી વાર મારામ કરી, થોડી બાજરી ખાઈ પછી ફરીથી ઊડવું જોઈએ.બેસવાની જગ્યા શોધતાં–શોધતાં તેની નજર પડી ચાડિયા પર મને એ તો જઈને બેસી ગયો ચાડિયાના ખભા પર. ચાડિયાતી બધાં પંખી બીચે પણ આપણો કાગડો નહીં હોં.

ચાડિયાએ લાલ મોં ફૂલાવ્યું અને બોલ્યો : 'એ કાગડા, આ ખેતર છોડીને ભાગી જા.'કાગડાએ એની સામે જોઈ કહ્યું : 'હું તો બસ અહીં થોડું ફરવા– થોડું ચણવા આવ્યો છું, ચાડિયાભાઈ. હમણાં જતો રહીશ.'ચાડિયો બોલ્યો : 'ચણવા ? આમ, ચણવા બણવા ન મળે અને તારે શરાથી ડરવું જોઈએ. હું ચાડિયો આ ખેતરનો રખેવાળ.'
તો કાગડો કહે :

"ડર કેવો ને કેવી વાત
દિવસ હો કે કાળી રાત,
ચાડિયાભાઈ શું મને
ડરાવો હું ખી ખી ખી કાઢું દાંત."

ચાડિયાએ વિચાર્યું કે કાગડો એમ નહીં માને. તેણે પોતાનું માટલાનું બનેલું મોં ફૂલાવી ગાલમાં પવન ભર્યો. પછી ઘૂઘવતા દરિયા જેવો અવાજ કર્યો. પણ કાગડો જેનું નામ ! એડર્યો જ નહીં ને ઉપરથી ગાવા લાગ્યો –

"ડર કેવો ને કેવી વાત



દિવસ હો કે કાળી રાત,
વાદળ ગરજે, વીજળી
ચમકે,ચાહે આવે ઝંઝાવાત."

ચાડિયાને થયું કે મારા આ અવાજથી ભલભલા પંખી ડરીને ઊડી જાય છે અને એક આ કાગડો છે, તે ખભા પર આવીને બેસી ગયો છે ને હટતો જ નથી.તેણે પોતાના ખમીસમાં હવા ભરીને છાતી ફૂલાવી અને ડોળા કાઢી કાગડા સામે જોયું પણ કાગડો તો એમ કંઈ ડરે ? એ તો ફરીથી ગાવા લાગ્યો –

"ડર કેવો ને કેવી વાત
દિવસ હો કે કાળી રાત,
કોઈ મને બિવરાવી જાય
એવી કોની છે તાકાત ?"

એટલામાં દૂરથી ખેડૂત આવતો દેખાયો અને ચાડિયો તો થરથર ધ્રૂજવા લાગ્યો. કાગડાએ તે જોયું અને પૂછયું :'શું થયું ચાડિયાભાઈ ! કેમ ઠંડી ચડી હોય એમ ધ્રૂજો છો ?'

'કાગડા, હું તને ઉડાડી ન શક્યો એટલે હવે મારો માલિક મને છોડશે નહીં.'કાગડો બોલ્યો :

"ડર કેવો ને કેવી વાત
દિવસ હોય કે કાળી
રાત, ડર ને ચિંતા બધ્ધ છોડો હું આપીશ તમોને સાથ."

ચાડિયો તો બીકમાં જાણે કંઈ સાંભળતો જ નહોતો. તેની આંખો ફાટી ગઈ અને અંગો ઢીલાં પડી ગયાં. તેને થયું કે હવે તો ગયા. કાગડાએ તેને ખૂબ સમજાવ્યો પણ માને તો ચાડિયો શાનો ?ખેડૂત પાસે આવ્યો. તેનું ધ્યાન તો કાગડા પર હતું અને તે એને ઉડાવવા જતો હતો. પણ ગભરાયેલો ચાડિયો એમ સમજયો કે ખેડૂત મને જ મારવા આવે છે. જેવો ખેડૂત ચાડિયાની સાવ પાસે પહોંચ્યો ત્યાં તો કાગડો ફરરફર કરતો ચાડિયાના માથા પર થઈ ઊડી ગયો.ડરેલા ચાડિયાએ માથું એટલું જોરથી હલાવ્યું કે તે લાકડી સાથે ટકરાઈ ટુકડેટુકડા થઈ ગયું અને કાગડો ? એ તો ઊડતો જાય ને ગાતા જાય :

"ડર કેવો ને કેવી વાત
દિવસ હો કે કાળી રાત,
ચાડિયાભાઈ તો ડરી
ગયા માથાના થયાં ટુકડા સાત."


**('ભાવિક પરિષદ' – ડિસેમ્બર)**

# જીવનમાં હાઈડ્રોજનની ઉપયોગિતા

જાનવર અને ચક્ર (પૈડાં) વડે ચાલતાં વાહનોને ચલાવવા માટે માનવે વરાળ –શકિત જલદ ખનીજ તેલો, બેટરી (ઈલેક્ટ્રિસિટી) વગેરેના ઉપયોગ પછી હવે હાઈડ્રોજન વાયુનો વિકલ્પ અજમાવવા




માંડ્યો છે.પેલા આક્સિજનની દાહક અને સૂક્ષ્મ શકિતથી અંજાઈને આપણે તેને પ્રાણવાયુ તરીકેની નવાજેશ કરી છે, પરંતુ હાઈડ્રોજનની વિપુલ શકિત પણ સ્વીકારવા લાગી છે. અચ્છા, આક્સિજન અગર પ્રાણવાયુ છે તો હાઈડ્રોજન પણ જીવન માટે જીવસૃષ્ટિ માટે ઘણો મહવનો છે.હાઈડ્રોજનની આ મહતાનો એક અંશ એ છે કે સૂર્યનો ૭૪ ટકા અંશ હાઈડ્રોજન છે ! અને સૂર્યની ગરમી તથા પ્રકાશ વગર તો પૃથ્વી પર જીવન જ શક્ય નથી, ખરૂ ને? તો જીવનજરૂરી જળનું મહવનું અંગ હાઈડ્રોજન છે.પાણી બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઓક્સિજનનું બનેલું છે.તો આપણા દેહ સહિત તમામ જીવિત પેશીઓમાં ત્રણ પંચમાંશ ભાગ હાઈડ્રોજન હોય છે.તમામ તવો સાથે સંયોજિત થઈ જવાનો હાઈડ્રોજનનો ગુણ આપણા રોજિંદા જીવન માટે ઘણો ઉપયોગી નીવડે છે. ખાતરો, સ્ફોટક પદાર્થો, પેટ્રોકેમિકલ્સ વગેરે પદાર્થો હાઈડ્રોજનના સંયોજનને પરિણામે જ પ્રાપ્ત થાય છે. ખનિજતેલ અને અન્ય બળતણોમાં હાઈડ્રોજન છે.માથાનો દુખાવો દૂર કરવા એસ્પિરિનનો સહારો લઈએ ત્યારે પણ હાઈડ્રોજનનો આભાર માનવો જોઈએ. કારણ કે એસ્પિરિનના ઉત્પાદનમાં તેજાબ મહવનો ભાગ ભજવે છે અને હાઈડ્રોજન તેજાબનું આવશ્યક તવ છે. ઘણાં લોકો વાળ રંગે–રંગાવે છે. એ માટે વપરાતા પદાર્થનું નામહાઈડ્રોજન પેરોક્સાઈડ છે. શરીરની સુંવાળપ જાળવી રાખતા કેટલાક આહાર પણ હાઈડ્રોજનને આભારી છે.હકીકતમાં, પૃથ્વી પર સર્વત્ર હાઈડ્રોજનનું અસ્તિત્વ વ્યાપેલું છે, છતાંય વજનના પ્રમાણમાં પૃથ્વીની કુલ હવામાં હાઈડ્રોજનનું વજન માત્ર એક ટકા જેટલું હશે. અઢારમી સદીની આખર સુધી પ્રકૃતિનાં મૂળ તવોમાંના એક તવ તરીકે હાઈડ્રોજનની વિજ્ઞાનીઓને જાણ નહોતી.ઓક્સિજન, કાર્બન વગેરે જેવો કોઈક વાયુ કદાચ હયાત છે, એવી આશંકા હતી, પરંતુ એક અલગ વાયુ




તરીકે એને અલગ તારવવાની કે ઓળખવાની ખાસ માથાકૂટ નહીં કરેલી. ૧૬મી સદીની અધવચ્ચે જર્મન તબીબ પારાસેલ્સસે એક પ્રયોગ કરેલો. ગંધકના તેજાબ (સલ્ફ્યુરિક એસિડ)માં લોખંડની કટકી નાખતાં, તેમાંથી હવાના પરપોટા નીકળવા માંડેલા. પારાસેલ્સને નોંધ્યું કે, 'આ પવનના જેવા પરપોટા છે.' એને ખ્યાલ નહોતો કે પોતે હાઈડ્રોજન વાયુ શોધ્યો છે.ત્યાર પછી લગભગ ૩૦૦વર્ષે, ૧૮મી સદીમાં એક વિજ્ઞાનીએ આ 'અજાણ્યા' વાયુ વિશે જણાવ્યું કે 'આ વાયુને બાળવાથી પાણી બને છે.' (એમને ત્યારે ખ્યાલ નહીં જે કશુંક બાળવા માટે આક્સિજન વપરાય અને આક્સિજન જયારે હાઈડ્રોજનને મળે ત્યારે પાણી થાય !)આખરે હેનરી કેવેન્ડિશે (૧૭૩૧–૧૮૧૦) 'અતિ જલદ' આ વાયુની ' ઓળખ'કરી, એને હાઈડ્રોજન નામ આપ્યું ત્યાર પછી જેક્વીસ ચાર્લ્સ (૧૭૪૬–૧૮૨૩) નામના ફ્રેન્ચ વિજ્ઞાનીએ ૧૭૮૩ની સાલમાં હાઈડ્રોજનના હળવા વજનનો લાભ લઈને એનો વહેવારૂ ઉપયોગ કર્યો. એણે મોટા ગુબ્બારા (બ્લૂન)માં આ વાયુ ભરીને શ્રીમંત લોકો માટે મનોરંજનનું સાધન પૂરૂં પાડયું. પછી તો લોકોએ આ વાયુ ભરીને ઉડાડવા માટેના વધુને વધુ મોટાં બલૂન અને બ્લીમ્પ બનાવવા માંડ્યા તથા એમનો વાય–માર્ગે હેરફેર માટે ઉપયોગ થવા માંડયો.જો કે જર્મનીના ઝેપેલીન હિન્ડન બર્ગનું વિરાટ બલૂન ફાટી પડ્યું અને ઝેપેલીનનું મૃત્યુ થયું ત્યારે સૌને લાગ્યું કે વાહનવ્યવહારમાં હવે હાઈડ્રોજનના ઉપયોગનો મૃત્યુઘંટ વાગશે. વળી. ૧૯૦૨થી અમેરિકાના રાઈટ બંધુઓએ શોધેલા વાયુયાન/એરોપ્લેન યાને વિમાનના વહેવારૂ ઉપયોગ પછી તો ગતિના સાધન તરીકે હાઈડ્રોજનના નામે ચોકડી જ મૂકાઈ ગઈ.પરંતુ આધુનિક ટેકનોલાજીએ હાઈડ્રોજનના આ ઉપયોગને પુનર્જીવિત કર્યો છે. એટલું જ નહીં આજે તો અવકાશે જનારાં રોકેટ, અવકાશયાન, ઉપગ્રહોનાં વાહન વગેરેને ગતિ આપનાર તરીકે હાઈડ્રોજને મહત્ત્વ ધારણ કર્યુ છે.વાહન (રોકેટ સહિત)ને ગતિ આપવા માટે ધક્કો (થ્રસ્ટ) જોઈએ. હાઈડ્રોજનના ઘન વડે આવો અત્યંત શકિતશાળી ધક્કો મળે છે. અવકાશયાનને પૃથ્વીના ગુરૂત્વાકર્ષણથી મુકત કરવા માટે જે જબ્બર ધક્કો જોઈએ તે હાઈડ્રોજન પૂરો પાડે. અલબત્ત, હાઈડ્રોજનના અત્યંત હલકા વજનને કારણે, એક પાઉન્ડ (આશરે ૫૦૦ ગ્રામ) હાઈડ્રોજનને સમાવવા માટે ૧૮૦ ઘનફૂટ (લગભગ ૫ ઘન મીટર) જગ્યા જોઈએ.

આટલી મોટી જગા અવકાશી રોકેટમાં કેવી રીતે પ્રયોજવી ! આનો ઉકેલ એમ શોધાયો કે આ માટે પ્રવાહી હાઈડ્રોજનનો ઉપયોગ કરવો. જો કે સાધારણ પ્રવાહી રૂપના હાઈડ્રોજનની જાળવણી ઘણી કપરી છે. એ જલદ છે. ટાંકી ફાટી પડે. એટલે વળી, હાઈડ્રોજનને ૪૩૪ અંશ ફેરનહીટ નીચા ઉષ્ણતામાન સુધી ઠંડો પાડીને, તેનું પેરા હાઈડ્રોજનમાં રૂપાંતર કરીને અવકાશી ઉડ્ડયન માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

# આ મારું ચિત્ર છે




**શેખ શાહનવાઝ અબ્બાસભાઈ**
( ધોરણ–૭, પી.એન.વોરા વિદ્યાની કેતન રૂપાયતન)



**ધોળકીયા ક્રિપાશ**
(ધોરણ–૬, રૂપાયતન પ્રા.શાળા)



**ભેડા હેપ્પી રાજેન્દ્રભાઈ**
( ધોરણ–૪, શ્રી પાણીયા પ્રા.શાળા)



**ગોહિલ શિવમ પંકજભાઈ**
( ધોરણ–૫, દિપક હાઈસકુલ )

# અમરેલી : અમર ડેરી ખાતે બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા મોટિવેશન સેમિનાર યોજાયો






અમર ડેરી ખાતે બ્રહ્માકુમારીઝ સંસ્થાના આયોજન હેઠળ પ્રેરણાદાયક મોટિવેશન સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે બી.કે. રૂપેશ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમણે પોઝિટિવિટી, મનની શાંતિ તથા આધ્યાત્મિક અવલોકન દ્વારા શારીરિક અને માનસિક રીતે તણાવમુક્ત તથા સુખમય જીવન જીવવાની પ્રેરણા આપતાં ઉંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બ્રહ્માકુમારીઝ સંસ્થાના પૂજ્ય ગીતાદીદી તથા બ્રહ્માકુમારીઝ પરિવાર ઉપરાંત સંઘનાં એમ.ડી. ડો. આર.એસ. પટેલ, જનરલ મેનેજર ડી.આર. રામાણી, વિભાગીય અધિકારીઓ તેમજ કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનાર દ્વારા ઉપસ્થિત સભ્યોને જીવનમાં સકારાત્મક વિચારધારા અને આંતરિક શાંતિ અપનાવવાની પ્રેરણા મળી હતી.

### બગસરા નજીક આવેલ

## નાના મુંજીયાસરનાં ખેતરમાં ડ્રોન દ્વારા દવા છંટકાવની કામગીરી

### યુવા નેતા મનીષ સંઘાણીએ નિરીક્ષણ કર્યુ




બગસરા, તા. ૨૬

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. (એફપીઓ)ના અધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા બગસરા તાલુકાના નાના મુંજિયાસરના ખેડૂતોના ખેતરની મુલાકાત લીધી હતી ત્યારે અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. (એફપીઓ) દ્વારા ચલાવવામાં આવતું ડ્રોન જે નવી ટેકનોલોજી ઉપયોગ કરી આ ડ્રોન દ્વારા દવાનો સફળતાપૂર્વક પાકમાં દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો હતો.

ત્યારે યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા ડ્રોન દ્વારા દવાના છટકાવથી ખેડૂતને સમયમાં પૈસામાં વિવિધ થતા ફાયદાઓ વિશે માહિતી આપી હતી અને અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી દ્વારા જિલ્લામાં ડ્રોન દ્વારા દવા અને ખાતરનોછંટકાવ કરવામાં આવી રહ્યો છે. જેનું વધુને વધુ ખેડૂતો લાભ લે અને પોતાના ખેતરમાં ડ્રોન માધ્યમથી છટકાવ કરાવવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

### જિલ્લા કોંગી ઉપપ્રમુખ શાંતીલાલ રાણવા દ્વારા

## અમરેલી જિલ્લાનાં કોંગીજનોને જનહિતનાં કાર્યમાં ઉમળકાભેર લાગી જવા અનુરોધ

### આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈને સક્રીય થવા હાંકલ કરી



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે કે, કોંગ્રેસનાં પુર્વ રાષ્ટ્રીય પ્રમુખ, લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીની ગુજરાત–૨૦૨૭માં ચુંટણીમાં ઐતિહાસીક જીત માટે લોકસભામાં કરેલી જાહેરાતમાં ઘણી બાબતોને ધ્યાને લઈ આગાહી કરી છે ત્યારે બીજા પાસા વિચાર્યા વગર કોંગ્રેસ કાર્યકરો ઉપરનો ભરોસો પણ અગત્યનો છે. તે મુજબ જીલ્લામાં તમામ કાર્યકરો, આગેવાનોએ સંગઠનના કામે લાગી જવું એ આપણી પહેલી ફરજ બને છે. ગુજરાતમાં ભ્રષ્ટ ભાજપની ૩૦ વર્ષથી સરકારના કારણે જનતા ત્રાહિમામ છે. બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચારે માજા મુકી છે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે. તેવા સંજોગોમાં કોઈ સુરક્ષિત નથી. જનતા વિકલ્પ શોધે છે. તેવા સંજોગોમાં જનતાની પડખે ઉભા રહીને રૂટ લેવલ સુધીનું સંગઠન ઉભુ કરવા તમામે કામે લાગી જવાની જરૂર છે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાતના પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા સમગ્ર ગુજરાતનો પ્રવાસ ખેડી રહ્યા છે. તમામ નેતાઓ, ધારાસભ્યોને સાથે લઈને ઘનિષ્ઠ પ્રવાસ કરીને કોંગ્રેસનું સંગઠન મજબુત કરી રહ્યા છે ત્યારે જીલ્લાના તમામ આગેવાનો, કાર્યકરો કામે લાગી જવાની રાણવાએ હાકલ કરી છે. જીલ્લા પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર, પરેશભાઈ ધાનાણી, જેનીબેન ઠુંમર પણ લોકોના પ્રશ્ને જાગૃત છે ત્યારે સૌએ ખભે ખભા મિલાવી પક્ષ માટે વફાદારીપુર્વક કામે લાગવા વિનંતી કરી છે.

### પાના ૮ ઉપરનું ચાલું બાબરામાં બે બંધ રહેણાંક મકાનમાં

૧૭,૦૦૦ રોકડા મળી કુલ રૂા. ૯૭,૫૦૦ની મત્તાની ચોરી કરી હતી. આટલેથી ન અટકતા તસ્કરોએ આ જ શેરીમાં રહેતા અતુલભાઈ લાભુભાઈ પોપટાણીના ઘરના પણ તાળા તોડી ત્યાંથી રૂા. ૨૦,૦૦૦ની રોકડ રકમની ચોરી કરી હતી. આમ, તસ્કરોએ એક જ રાતમાં બે મકાનોમાંથી કુલ રૂા. ૧,૧૭,૫૦૦ની ચોરી કરી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

આ બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળે એફએસએલની ટીમ, ફિંગરપ્રિન્ટ એકસપર્ટ અને ડોગ સ્કવોર્ડને બોલાવી ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ આસપાસ રોડ પર આવેલા સીસીટીવી ફુટેજ પણ જોવામાં આવી રહ્યા છે. રહેણાંક વિસ્તારમાં થયેલી આ ચોરીની ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભયની સાથે ફફડાટ વ્યાપી ગયો છે. બાબરા પીઆઈ વધુ તપાસ કરી રહ્યા છે.

### આગામી ૧લી ફેબ્રુઆરીએ યોજાશે સમુહ લગ્નોત્સવ

## અમરેલી ખાતે લેઉવા પટેલ સમાજનાં આગેવાનોની આગામી સમુહલગ્ન અંતર્ગત બેઠક યોજાઈ

### દાતાઓએ સમુહલગ્ન માટે અનુદાનનો ધોધ વહાવ્યો

અમરેલી, તા. ૨૬

શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી ૧લી ફેબ્રુઆરીના રોજ રાત્રે ૧૭ માં ભવ્ય સમૂહલગ્નના આયોજન બાબતે તા. ૨૧/૧૨/૨૫ ને રવિવાર ના રોજ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલી શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા આગામી તા. ૧લી ફેબ્રુઆરીના રોજ આયોજિત સમૂહ લગ્નના આયોજન બાબતે લેઉવા પટેલ સમાજના દાતાઓ, રાજકીય તથા સામાજિક આગેવાનો, અગ્રણી ઉદ્યોગપતિઓ, વેપારીઓ, સહીત યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સમૂહ લગ્નના આયોજન માટે વિવિધ કમિટીની રચનાઓ, અને જવાબદારીઓ સોંપવામાં આવેલ તથા હાજર તમામ લોકો દ્વારા તથા સુરત, અમદાવાદ, અંકલેશ્વરના ઉદ્યોગપતિઓએ આ આયોજન માટે અનુદાન નો ધોધ વહાવ્યો હતો આ તકે લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડીકે રૈયાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પૂર્વ વી.સી ડો. ગીરીશભાઈ ભીમાણી, અગ્રણી ઉદ્યોગપતિ કાળુભાઇ ભંડેરી, કાંતિભાઈ વઘાસીયા, દકુભાઈ ભુવા, ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઇ કાછડીયા, ચતુરભાઈ ખૂંટ, અઢણભાઈ પટેલ, વિજયભાઈ દેસાઈ, દયાળભાઈ સંઘાણી, દીપકભાઈ વઘાસીયા, ભીખુભાઈ કાબરીયા, ચંદુભાઈ રામાણી, ડો. ચંદ્રેશ ખૂંટ, સંજય રામાણી મેહુલ બાબરિયા જયસુખ સોરઠીયા કર્મચારી ટીચર ટીમ સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમ રાજેશ માંગરોળીયાની યાદી જણાવે છે.

### જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા તાલુકાનાં મોજે કુંડલા ગામે આવેલ સ.નં.૨૯૮/૧ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ ''અંબીકા સોસાયટી'' નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૯૧ પૈકીની જમીન ચો.મી.૯૦–૦૦ વાળી મિલ્કત બાબતે હાલ મિલ્કતના માલીક રેખાબેન મંછારામભાઈ ગોંડલીયાના સ્વતંત્ર માલીકી હકકમાં ચાલે છે અને સદરહું મિલ્કત ઉપર શ્રી રામ ફાયનાન્સ લી. સાવરકુંડલામાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ એવી રજૂઆત કરેલ છે કે સદરહું મિલ્કત હરેશકુમાર પ્રભુલાલ જાનીના કબ્જા, ભોગવટા તેમજ માલીકીની આવેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખોમાં સબંધીત કુલમુખ્ત્યારનામા અથવા તેની નકલ મળી આવતી નથી અને ગેરવલ્લે થયેલ છે તેવી રજૂઆત હાલના માલીક રેખાબેન મંછારામભાઈ ગોંડલીયા તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

**પ્રાગદાસ રામદાસ ગોંડલીયાના કુલમુખ્ત્યાર સુરેશકુમાર ધીરજલાલ મશરૂએ તા.૦૫/૦૪/૨૦૦૨ ના દસ્તાવેજ નં. ૩૮૬ થી મુકેશભાઈ પરશોતમભાઈ જમોડના નામ જોગ કરી આપેલ લેખ સબંધેનુ કુલમુખ્ત્યારનામુ**

સબબ ઉપરોકત લેખ સબંધે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, ગીરો, કબ્જો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૩માં અમો નીચે સહી કરનાર પાસે લેખિત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ શ્રી રામ ફાયનાન્સ લી. સાવરકુંડલા તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર શ્રી રામ ફાયનાન્સ લી. સાવરકુંડલાને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તા.૨૬/૧૨/૨૦૨૫

**ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી મો. ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
**એડવોકેટ**

### જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ શ્રી જતીનકુમાર કુરજીભાઈ સંચાણીયા, રહે.ધારી, તા.ધારી, જી.અમરેલી ના દ્વારા મળેલ સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા–વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ધારી ગામના ગામતળમા વૃંદાવન સોસાયટી નામે ઓળખાતા વિસ્તારમા આવેલ રેવન્યુ સર્વે નંબર ૪૩૨/૨ વાળી જમીનમા મહે.જિલ્લા વિકાસ અધિકારી સાહેબ–અમરેલીના હુકમ નં. મેસુ/૧ બખપ/એસઆર/ ૨/૨૬/૧૯૮૯/૯૦ તા.૨૬/૪/૧૯૯૦ ના હુકમથી રહેણાંકના હેતુ માટે પ્લોટસ પાડવામા આવેલા છે તે માહેના પ્લોટ નં.૧૯ પૈકીની જમીનમા આવેલ પાકી સ્લેબવાળી રહેણાંક મિલ્કતના માલીકો (૧) શ્રી ભદ્રેશભાઈ માનશંકરભાઈ ત્રિવેદી, (૨) શ્રી કમલેશભાઈ માનશંકરભાઈ ત્રિવેદી બન્ને રહે.અમૃતપુર, તા.ધારી પાસેથી મારા અસીલ એ વેચાણ રાખવા નકકી કરેલ છે. સદરહુ મિલ્કત વાળી ધારીના રેવન્યુ સર્વે નંબર ૪૩૨/૨ વાળી જમીન શ્રી કિર્તીકાંત કેશવલાલ વિ.ની સયુંકત માલીકીની હતી., જે બીનખેતીમા ફેરવાયા બાદ તે માહેના પ્લોટ નં.૧૮ પૈકી તથા ૧૯ પૈકીની ખુલ્લી જમીન ચો.મી. ૨૧૬–૦૦ કિર્તીકાંત કેશવલાલ સંઘરાજકાના કુલમુખત્યાર દિલીપકુમાર કેશવલાલ સંઘરાજકા પાસેથી રજિસ્ટર વેચાણલેખ નં.૪૧૫ તા.૭/૫/૧૯૯૭ થી શ્રી તનસુખલાલ કાંતીલાલ ત્રિવેદી રહે.ધારી એ વેચાણ રાખેલ, તેમના પાસેથી તે પૈકી પ્લોટ નં.૧૯ પૈકીની ખુલ્લી જમીન ચો.મી.૫૪–૮૪ વેચાણલેખ નં.૪૯૦ તા.૨૬/૭/૨૦૦૨ થી (૧) શ્રી ભદ્રેશભાઈ માનશંકરભાઈ ત્રિવેદી, (૨) શ્રી કમલેશભાઈ માનશંકરભાઈ ત્રિવેદી બન્ને રહે.અમૃતપુર, તા.ધારીએ વેચાણ રાખેલ અને રહેણાંક મિલ્કત બનાવેલ છે, તેમના પાસેથી આ મિલ્કત મારા અસીલ એ વેચાણ રાખવા નકકી કરેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા ઉપરોકત અસીલએ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજિસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૭/૧૨/૨૦૨૫

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૯૭ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૧૩૦ | ૧૨૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૩૫૮ |
| ૪ | શિંગ મોટી | ૯૬૫ | ૧૩૯૦ |
| ૫ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૯૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૨૯૨ |
| ૭ | તલ કાળા | ૨૦૨૦ | ૪૭૫૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૮૫૦ | ૨૩૯૯ |
| ૯ | બાજરો | ૩૪૧ | ૬૬૦ |
| ૧૦ | જુવાર | ૮૮૦ | ૧૦૦૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૪ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૪૯ |
| ૧૩ | મકાઈ | ૩૪૧ | ૫૦૫ |
| ૧૪ | અડદ | ૬૦૫ | ૧૦૯૫ |
| ૧૫ | ચણા | ૭૯૦ | ૧૦૦૩ |
| ૧૬ | સફેદ ચણા | ૮૫૦ | ૧૦૪૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૩૦૧ | ૧૫૭૦ |
| ૧૮ | તુવેર | ૬૬૬ | ૧૧૯૫ |
| ૧૯ | કપાસ | ૧૦૪૫ | ૧૫૫૮ |
| ૨૦ | એરંડા | ૧૦૦૦ | ૧૩૧૭ |
| ૨૧ | જીરૂ | ૩૪૫૦ | ૩૯૨૫ |
| ૨૨ | ધાણા | ૧૪૦૦ | ૧૭૭૦ |
| ૨૩ | મેથી | ૯૫૬ | ૯૫૮ |
| ૨૪ | સોયાબીન | ૭૫૦ | ૯૦૨ |
| ૨૫ | મરચા લાંબા | ૮૮૦ | ૪૨૧૦ |
| ૨૬ | કાંગ | ૫૧૧ | ૫૨૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૦૯૧ | ૧૫૩૦ |
| ૨ | મગફળી | ૯૯૦ | ૧૩૦૦ |
| ૩ | ઘઉં | ૫૧૧ | ૫૨૧ |
| ૪ | ચણા | ૯૭૧ | ૯૭૧ |
| ૫ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | એરંડા | ૧૨૦૦ | ૧૨૨૫ |
| ૭ | ધાણા | ૧૪૭૦ | ૧૭૩૧ |
| ૮ | તલ સફેદ | ૧૪૭૦ | ૧૮૭૧ |
| ૯ | મગ | ૧૧૩૦ | ૧૧૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૩૦ | ૧૨૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૮૦ | ૧૩૯૪ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૫૧ |
| ૪ | તલ કાળા | ૩૩૫૧ | ૩૮૫૧ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૪૦૦૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૭૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૭૬ |
| ૯ | બાજરો | ૩૩૦ | ૫૫૦ |
| ૧૦ | જુવાર | ૧૦૫૬ | ૧૧૪૫ |
| ૧૧ | મકાઈ | ૪૬૪ | – |
| ૧૨ | મગ | ૧૨૦૦ | – |
| ૧૩ | અડદ | ૮૧૮ | – |
| ૧૪ | ચણા | ૮૫૦ | ૧૦૨૫ |
| ૧૫ | તુવેર | ૮૦૦ | ૧૨૫૪ |
| ૧૬ | એરંડી | ૧૩૧૮ | – |
| ૧૭ | ધાણા | ૧૩૫૧ | ૧૮૦૦ |
| ૧૮ | સોયાબીન | ૭૫૦ | ૮૯૮ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૦ | ૧૫૮૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૧૦૧૮ | ૧૩૭૨ |
| ૪ | તલ સફેદ | ૧૬૬૫ | ૧૯૯૫ |
| ૫ | જીરૂ | ૩૧૭૦ | ૩૯૨૦ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૭ | ચણા | ૯૪૫ | ૧૦૯૫ |
| ૮ | અડદ | ૯૭૫ | ૧૧૯૫ |
| ૯ | સોયાબીન | ૭૯૫ | ૮૬૫ |
| ૧૦ | મગ | ૧૩૬૦ | ૧૫૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૯૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૨૬ |
| ૪ | અડદ | ૭૦૦ | ૭૦૦ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૧૧૦ |
| ૬ | ધાણા | ૧૬૦૦ | ૧૭૫૦ |
| ૭ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૮ | સોયાબીન | ૭૧૫ | ૮૮૪ |
| ૯ | મગફળી | ૮૦૦ | ૧૨૦૫ |
| ૧૦ | મકાઈ | ૩૫૦ | ૩૫૦ |
| ૧૧ | શીંગદાણા | ૮૦૦ | ૧૨૩૦ |
| ૧૨ | લસણ | ૯૩૦ | ૧૧૫૧ |
| ૧૩ | તલકાળા | ૧૯૧૦ | ૧૯૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૦ | ૧૫૨૬ |
| ૨ | મગફળી | ૧૦૨૨ | ૧૩૦૪ |
| ૩ | ચણા | ૮૫૧ | ૮૫૧ |
| ૪ | અડદ | ૬૫૦ | ૭૧૧ |
| ૫ | ઘઉં | ૪૫૨ | ૪૫૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૧ | ૧૯૩૬ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૩૦ |
| ૪ | બાજરો | ૩૭૧ | ૫૫૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૬૦ |
| ૬ | જુવાર | ૭૫૦ | ૯૪૨ |
| ૭ | મગ | ૯૫૨ | ૨૬૦૦ |
| ૮ | મઠ | ૭૦૦ | ૭૦૦ |
| ૯ | ચણા | ૧૦૧૬ | ૧૧૬૫ |
| ૧૦ | સોયાબીન | ૮૪૦ | ૮૭૦ |
| ૧૧ | અજમા | ૧૭૭૫ | ૧૭૭૫ |

### બી.એ, બી.કોમ, એમ.એસનાં પરિણામમાં

# અમરેલી લેઉવા પટેલ ચેરિટેબલની ટ્રસ્ટની કોલેજની વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ

### બંસી નારીગરા, ગ્રીષ્મા ગજેરા, જેનીશા દુધાત અને હિરલ માલનીયાએ શ્રેષ્ઠ પરિણામ મેળવ્યુ



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમડી ડી.એચ. કાબરીયા આર્ટ્સ, શ્રીમતી આર.કે. વઘાસીયા કોમર્સ અને શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.એચ.સી. મહિલા કોલેજની ૪ વિદ્યાર્થીનીઓએ વર્ષ ૨૦૨૪–૨૫માં લેવાયેલ બી.એ.બી.કોમ. એમ.એસ.સી.ની પરીક્ષામાં ગોલ્ડ મેડલ મેળવી સંસ્થાનુ ગૌરવ વધારેલ છે.

સંસ્થાની કોલેજની વિદ્યાર્થીનીઓ બંસરી નારીગરા, ગ્રીષ્ના ગજેરા, જેનીશા દુધાત અને હિરલ માલનીયાએ શ્રેષ્ઠ પરિણામ મેળવતાં સંસ્થાનાં ટ્રસ્ટીગણ અને સ્ટાફગણે શુભેચ્છા પાઠવી છે.

# લીલીયા મોટા : સરકારી કોલેજ ખાતે અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતીની ઉજવણી



લીલીયા, તા. ૨૬

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજય કોલેજ, લીલીયા ખાતે તારીખ ૨૬/૧૨/૨૦૨૫ ના રોજ ભારત રત્ન અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતિની ઉજવણી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ તથા સ્ટાફમાં અટલ બિહારી વાજપેયીજીના જીવન, વિચારો અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણ અંગે જાગૃતિ પેદા કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ દ્વારા ભારત રત્ન અટલ બિહારી વાજપેયીજીના દ્રષ્ટિવંત નેતૃત્વ, ઊંડાણ પૂર્વકની વિચારશક્તિ અને રાષ્ટ્રનિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાન વિષય પર એક પ્રેરણાદાયક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે પોતાના ભાષણમાં વાજપેયીજીના લોકશાહી મૂલ્યો, રાષ્ટ્ર પ્રથમ વિચારધારા અને નૈતિક રાજકારણ પર વિશેષ પ્રકાશ પાડયો હતો, જે વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક સાબિત થયું.

આ કાર્યક્રમનું સંચાલન ડો. મહેશકુમાર વાઘેલા દ્વારા સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા કોલેજ પરિવારના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી. આ જન્મ જયંતિ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, નેતૃત્વના મૂલ્યો અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની ભાવના વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું. કાર્યક્રમ સૌ માટે પ્રેરણાદાયક અને સ્મરણિય રહ્યો.

# અમરેલીનાં ગુરૂકૃપા નગરમાંથી તસ્કર કારની ચોરી કરી લઈ ગયા

અમરેલી, તા. ૨૬

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ગુરૂકૃપાનગર શેરી નં.૧માં રહેતાં મગનભાઇ નાનજીભાઇ માઘડ નામનાં ૪૫ વર્ષીય વેપારીએ પોતાની ફોરવ્હીલ કાર નં. જીજે–૦૩–કેપી–૩૭૦૧ કીમત રૂપિયા ૧,૮૦,૦૦૦ની પોતાના ઘર સામે પાર્ક કરેલ હોય, જયાથી તા.૧૯ના રાત્રીના ૧૨ વાગ્યાથી તા.૨૦ના સવારે ૬ વાગ્યાં દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમ આ ફોરવ્હીલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વીર બાલ દિવસની ઉજવણી



અમરેલી, તા. ૨૬

શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રીયતા માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૨૬/૧૨/૨૦૨૫ના રોજ વીર બળ દિવસની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે સવારની પ્રાર્થનામાં ગુરૂ ગોવિંદ સિંહના ચાર પુત્રો અજીતસિંહજી, જુઝારસિંહજી, જોરાવરસિંહજી અને ફતેહસિંહજીના ફોટા સાથે શ્રધ્ધાંજલી આપવામાં આવી તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા આ શહીદ બાળવીરોનાં પરિચયમાં પ્રાસંગિક વકતવ્યો આપવામાં આવ્યા તેમજ "સર્વશિક્ષા" દ્વારા આયોજિત સ્પર્ધાઓ જેવી કે નિબંધ લેખન, વકૃત્વ, કાવ્ય લેખન વગેરેનું પણ ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ પ્રેરક હાજરી આપી હતી. શીખ ધર્મ અને તેનાં ધર્મ ગુરૂઓ અર્જુન દેવ, તેગ બહાદુર વગેરેની શહીદીને યાદ કરી અંજલી આપી હતી.

બાળકો માટે દેશ પ્રેમ રાષ્ટ્ર ધર્મ વગેરેને માટે ઉમદા ઉદાહરણ પૂરૂ પાડતા આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ શિક્ષકો વગેરેએ સક્રિય ભાગ લઈ કાર્યક્રમને પ્રસંગોચિત ગરીમાં આપી હતી.

# દેશી કુળની ગાયનું દુધ પીવાના ફાયદા

## દેશી ગાયનું દુધ, સર્વશ્રેષ્ઠ દુધ





અમરેલી, તા. ૨૬

પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણા દેશમાં ગંગાઓ વહેતી હતી. ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે. પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે.

**૧. સ્નાયુની મજબૂતાઈ**

આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ. જીવનના પ્રારંભિક તબક્કે તંદુરસ્ત સ્નાયુ બનાવવી ક્રિયા થવી ખૂબ જરૂરી છે. સ્નાયુ મજબૂતાઈ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. દૂધ ૨૦% વ્હેય (whey) અને ૮૦% કેસિન (casein) પ્રોટીન છે, બંને સ્નાયુઓના નિર્માણ માટે જવાબદાર છે.

**૨. સ્લીપ બૂસ્ટર !**

દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તમે ઊંઘ અનુભવશો ! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘની મજબૂત કિક આપે છે.

**૩. હાડકા મજબુત બનાવે છે.**

મજબૂત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે. શરીરને તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારૂં હાડપિંજર રોજબરોજ કાર્ય કરે. હાડપિંજરને કેલ્શિયમને પસંદ છે ! અને દૂધ કેલ્શિયમનો અત્યંત સમૃદ્ધ સ્ત્રોત છે, તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે. દૂધના કપમાં ૨૭૬ – ૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે. દૈનિક ધોરણે પુરૂષો / સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

**૪. મગજ શકિત વધે છે**

સંશોધન બતાવે છે કે દૂધ મગજના જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે. દૂધ વિટામિન બી ૧૨ નો સ્રોત છે, તેમાં બી ૧૨ સારા એવા પ્રમાણમાં હોય છે આમ દૂધ શાકાહારી લોકો માટે વરદાન છે. મગજની શકિ અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિન બી ૧૨ આવશ્યક છે, તે અલ્ઝાઈમર રોગને અટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દૂધ પીવો !

**૫. હાર્ટ એટેકથી બચાવે છે**

ગાય ઓમેગા –૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે. ઓમેગા ૩ એચડીએલ (HDL) કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા' કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે. ઓમેગા ૩ હાનિકારક રકત ગંઠાઈ જવાથી અટકાવે છે. ઓમેગા – ૩ હાઈબ્લડ પ્રેશરવાળા લોકોના બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે. ટૂંકમાં, દૂધમાં આવા તત્વો છે જે હૃદય માટે ખૂબ જ સારા છે.

**૬. એસીડીટી મટાડે છે**

ગાયના દૂધમાં ઓમેગા ૩, એન્ટીઆકિસડન્ટ સંયોજનો અને પ્રોટીન જેવા પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.

**૭. શરીરની ચરબી ઘટાડે છે (વજન)**

દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબી બાળે છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

**૮. કેન્સરનું જોખમ ઘટાડે છે**

દૂધમાં એન્ટિ–કેન્સર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓના વિકાસને અટકાવે છે. કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે. આટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાના કેન્સરનું જોખમ ૩૦% જેટલું ઓછું થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયના કેન્સરનું જોખમ ઓછું થયું છે. દૂધમાં રહેલું સીએલએ–કન્જેજયુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે.

**૯. ત્વચાનો મિત્ર**

પ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજ ના સમય મા પણ લોકો હળ દરની પેસ્ટ અને દૂધ ને ચેહરા પાર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધ થી સ્નાન કરતી! દૂધ તેમનીસુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં લેક્ટિક એસિડ મૃત ત્વચા દૂર કરે છે.

**૧૦. મેમરી, શકિત અને બુદ્ધિ**

આયુર્વેદ અનુસાર ગાયના દૂધમાં ઓજ (શકિત) વધારવાનું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશકિત માટે ગાય દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મગજના એવા પ્રદેશો વિકસાવવા માટે મદદ કરે છે જે મેમરી અને બુદ્ધિ માટે જવાબદાર છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ભારત રત્ન અટલ બિહારી વાજપાઈની જન્મજયંતીની ઉજવણી






અમરેલી, તા. ૨૬

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ગણ દ્વારા ભારતના પનોતા પુત્ર, ઉમદા કવી અને મૂડી ઉચેરા રાજનીતિક્ષ ભારત રત્ન અટલ બિહારી બાજપાઈની જન્મ જયંતીની ભાવ અને લાગણીથી ઉમળકા ભેર ઉજવણી કરવામાં આવી હતી.

સંસ્થા મહાપુરૂષોની જન્મ જયંતી અને પુણ્યતિથિ નિમિત્તે તેમને પુષ્પો અર્પણ કરી તેમનાં જીવન–ઝરમરથી વિદ્યાર્થીઓને સ્વાગત કરવામાં આવે છે. સંસ્થાના સંચાલક દિપકભાઈ વઘાસીયા દ્વારા પુષ્પ અર્પણ કરી તેમના દેશ માટેના યોગદાનોને યાદ કરવામાં આવ્યું હતું. સ્ટાફ દ્વારા અટલ બિહારીના જીવન પ્રસંગો અને કવિહદય, પ્રમાણિત રાજનીતિજ્ઞ તરીકેની તેમના ભવ્ય જીવન વિદ્યાર્થીઓને સમજ આપી હતી. તેમની જીવન અને કાર્યમાંથી પ્રેરણા લઈ દેશના વિકાસમાં અગ્રેસર રહેવાની શીખ આપી હતી.

### યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત

# ચલાલાની રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ખાતે વાલી બેઠક યોજાઈ

### જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનાં અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા



ચલાલા, તા. ૨૬

શિક્ષણ અને સંસ્કારના સુત્રને સાર્થક કરતી તેમજ બાળકોનું જીવન ઘડતર જ જેમનો મુખ્ય ઉદેશ્ય છે તેવી સંસ્થા દ્વારા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ચલાલા ખાતે વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષ ઉપસ્થિતિ તરીકે જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી અધિકારી ગોયાણી તથા પ્રદ્યુમનભાઈ જોષી પધાર્યા હતા. સ્કુલના શિક્ષકો, સ્ટાફ તથા મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.


રક્ષા શકિત સ્કુલ ખાતે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પૂ. સંત ડો. રતિદાદા, ગોયાણી, પ્રદ્યુમનભાઈ, ભારતભૂષણ મહેશભાઈ વગેરે દ્વારા દીપ પ્રાગટ્ય કરી વાલી મીટીંગની શરૂઆત કરી હતી. પૂ. દાદાએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપી સૌને આશીર્વાદ આપ્યા હતા, ભારત ભૂષણ મહેશભાઈએ વાલીઓનું શાબ્દિક રીતે સ્વાગત કર્યું હતું.

ગોયાણીએ પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસમાં વાલીઓ અને શિક્ષકો વચ્ચે સદાય સહકાર જરૂરી છે. આજના સમયમાં શિક્ષણ સાથે બાળકોમાં નૈતિક મુલ્યો, સામાજિક જાગૃતિ તથા આત્મ વિાસનો વિકાસ કરવો અત્યંત જરૂરી છે. જે કામ આ સંસ્થા દ્વારા ખુબ સારી રીતે કરવામાં આવે છે.

વાલી મિટિંગ દરમિયાન દીકરીઓની શૈક્ષણિક પ્રગતિ, શિસ્ત, હાજરી તેમજ સર્વાંગી વિકાસ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સ્કુલના સંચાલક મહેશભાઈ દ્વારા વાલીઓને દીકરીઓના અભ્યાસક્રમ, પ્રવૃત્તિઓ અને ભવિષ્યની યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારના સમન્વયને નિહાળી ખુબ રાજી થયા હતા. અભ્યાસ સાથે સહ અભ્યાસીક પ્રવૃત્તિમાં કરાટે, ધનુવિદ્યા, સ્કેટિંગ, ઘોડેસવારી, રાઈફલ શુટિંગ, ઓપ્ટીકલ તૈયારી જેવી અનેક પ્રવૃત્તિઓ પણ દીકરીઓને કરાવવામાં આવે છે, વાલીઓએ સંસ્થાની પ્રગતિ માટે સહકાર આપવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

વાલી મીટીંગના અંતે સૌના માટે ભોજનની વ્યવસ્થા ડાયરેકટર શીતલબેન મહેતા, આચાર્ય ડો.તુષારભાઈ સહીત સ્ટાફગણ દ્વારા કરવામાં આવી હતી.

# પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોએ મેળવી મોટી સફળતા : ૭ વિઘામાં કેળાની ખેતીથી એક સિઝનમાં ૭ લાખ રૂપિયાનું ઉત્પાદન



આજના સમયમાં વધતા ખર્ચ અને રાસાયણિક ખેતીના નુકસાન વચ્ચે પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. અમરેલી જિલ્લોના ખેડૂતો આજે પ્રાકૃતિક ખેતી અપનાવીને પોતાના ખેતરે જ સીધું વેચાણ કરી રહ્યા છે અને પ્રતિ વીઘે એક સિઝનમાં એક લાખથી વધુનું ઉત્પાદન મેળવી રહ્યા છે. આવી જ એક પ્રેરણાદાયક સફળતાની કહાણી છે રાજુલા તાલુકાના દીપડિયા વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરતા યોગેશભાઈ શાંતિભાઈ ઠાકરની છે. તેઓ જણાવે છે કે તેમનું ખેતર દીપડિયા ખાતે આવેલ છે અને હાલ તેઓ રાજુલામાં રહે છે. તેઓએ ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે અને છેલ્લા દસ વર્ષથી પ્રાકૃતિક, ગાય આધારિત ખેતી કરી રહ્યા છે. શરૂઆતમાં અનેક પડકારો આવ્યા, પરંતુ કુદરત પર વિાસ રાખીને તેમણે રાસાયણિક ખાતર અને દવાઓનો સંપૂર્ણ ત્યાગ કર્યો. આજે તેમની ખેતી અન્ય ખેડૂતો માટે ઉદાહરણ બની છે. તેઓએ કુલ ૭ વીઘા જમીનમાં કેળાની ખેતી કરી છે. ખાસ વાત એ છે કે આ ખેતીમાં કોઈપણ પ્રકારનું રાસાયણિક ખાતર કે ઝેરી દવા ઉપયોગમાં લેવામાં આવતી નથી. માત્ર ગાય આધારિત પ્રાકૃતિક પદ્ધતિઓ દ્વારા જમીનની ઉર્વરતા જાળવી રાખવામાં આવે છે. તેના પરિણામે કેળાની ગુણવત્તા અત્યંત ઉત્તમ બની છે. તેઓ જણાવે છે કે આ કોલેટી કેળાની મીઠાશ ખૂબ જ સારી છે અને લાંબા સમય સુધી તાજું રહે છે. ચાલુ વર્ષે તેઓએ પ્રતિ વીઘા અંદાજે એક લાખ રૂપિયાનું ઉત્પાદન મેળવ્યું છે. કુલ ૭ વીઘામાંથી એક સિઝનમાં આશરે ૭ લાખ રૂપિયાનું ઉત્પાદન મળ્યું છે, જે પ્રાકૃતિક ખેતી માટે નોંધપાત્ર સિદ્ધિ ગણાય. ખાસ વાત એ છે કે તેઓ કેળાનું વેચાણ સીધું ગ્રાહકોને કરે છે. સ્વાદ અને ગુણવત્તા જાણીને લોકો જાતે ખેતરે આવી કેળા ખરીદી જાય છે. ઉપરાંત રાજુલા શહેરમાં પણ તેમનું વેચાણ સતત ચાલે છે. યોગેશભાઈ જણાવે છે કે ખેતરેથી સીધું વેચાણ થવાથી મધ્યસ્થ ખર્ચ બચી જાય છે અને ગ્રાહકોને પણ શુદ્ધ, તાજું અને આરોગ્યદાયક ઉત્પાદન મળે છે. આ મોડેલથી ખેડૂત અને ગ્રાહક બંનેને ફાયદો થાય છે. રાસાયણિક ખેતીની સરખામણીમાં ખર્ચ ઓછો હોવાથી નફો વધારે મળે છે અને જમીનની તંદુરસ્તી પણ જળવાઈ રહે છે. આ સફળતાથી આસપાસના અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરાઈ રહ્યા છે. તેઓનું માનવું છે કે જો ખેડૂત ધીરજ રાખીને પ્રાકૃતિક ખેતી કરે તો શરૂઆતના થોડા વર્ષો બાદ ઉત્તમ પરિણામ જરૂર મળે છે. પ્રાકૃતિક ખેતી માત્ર આવક વધારતી નથી, પરંતુ જમીન, પાણી અને માનવ સ્વાસ્થ્યનું પણ રક્ષણ કરે છે. અમરેલી જિલ્લાના આ ખેડૂતની સફળતા સાબિત કરે છે કે પ્રાકૃતિક, ગાય આધારિત ખેતી અપનાવીને ખેડૂતો આત્મનિર્ભર બની શકે છેઅને એક જ સિઝનમાં લાખો રૂપિયાનું ઉત્પાદન મેળવી શકે છે.

આરોગ્ય તમારૂ જવાબદારી અમારી
જાન્યુઆરી મહિના ના દર બુધવારે
મફત
ઓપીડી તથા કન્સલ્ટેશન
સમય સવારે ૧૦ થી ૨ અને સાંજે ૫ થી ૮
ફક્ત નવા કેસ માટે
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો ૯૯૭૮૯૬૬૬૨૯
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯

## મકાન માલીક બહારગામ ગયા ને તસ્કરોને મોકળુ મેદાન મળી ગયું

# બાબરામાં બે બંધ રહેણાંક મકાનમાં તસ્કરોની ઘુસણખોરી

**પ્રથમ મકાનનાં રૂમોનાં તાળા તોડી ૮૦.૫૦૦ની કિંમતનાં દાગીના અને ૧૭ હજાર રોકડા ઉઠાવ્યા**

**નજીકમાં આવેલ બીજા મકાનમાંથી રૂપિયા ૨૦ હજારની રોકડની ઉઠાંતરી કરી**

**આશરાનગર વિસ્તારમાં બે મકાનમાં ચોરીની ઘટના થતાં ચકચાર મચી**

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી ડોગ સ્કવોર્ડની મદદ લઈ તસ્કરની શોધખોળ આદરી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા શહેરના આશરાનગર વિસ્તારમાં તસ્કરોએ કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતા બે બંધ મકાનોને નિશાન બનાવી કુલ રૂા. ૧,૧૭,૫૦૦ની મત્તાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. આશરાનગર નદીકાંઠા વિસ્તારમાં રહેતા કુમારભાઈ અરવિંદભાઈ વાળાના પિતાનું અવસાન થયું હોવાથી તેઓ છેલ્લા ૨૦ દિવસથી પરિવાર સાથે મહુવા ગયા હતા. જે બંધ મકાનનો લાભ ઉઠાવી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો.

ઘટનાની વિગતો મુજબ ગત તા. ૨૪/૧૨/૨૦૨૫ની રાત્રિના સમયગાળા દરમિયાન અજાણ્યા તસ્કરોએ કુમારભાઈના બંધ મકાનની ખડકી તથા રૂમોના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ કબાટમાં રાખેલા રૂા. ૮૦,૫૦૦ની કિંમતના સોના–ચાંદીના દાગીના અને રૂા.

અનુસંધાન પાના ૬ ઉપર

હાર્દિક અભિનંદન
બાબરાના વિદ્વવાન વકીલ એન્ડ નોટરી તેમજ અમારા પરમ મિત્ર
શ્રી હરેશકુમાર આર. મેવાડા
બાબરા બાર એસોસીએશનમાં સેક્રેટરી તરીકે બિનહરીફ વરણી થતા અમો
ગૌરવની લાગણી વ્યક્ત કરી હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા પાઠવીએ છીએ.
શુભેચ્છક
શ્રી રાહુલભાઈ સાગઠીયા
( એડવોકેટ )
મુ. ખંભાળા, તા.બાબરા, જી. અમરેલી.

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ દૈનિકને...
૧૭ માં વર્ષે હાર્દિક અભિનંદન સહ શુભકામનઓ..
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા
"અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવે છે.
:શુભેચ્છક:
પંચશીલ સ્કૂલ બાબરા
શ્રી રમેશભાઈ ગોલેતર
પ્રમુખશ્રી
શ્રી પ્રકાશભાઈ ગોલેતર
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
પંચશીલ સ્કૂલ સંચાલિત,ઓમ વિદ્યાલય–બાબરા
યોગીનગર, ચિતલ રોડ, અમરાપરા, મુ. બાબરા, જિ. અમરેલી.

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ દૈનિક...
૧૭ માં વર્ષે હાર્દિક અભિનંદન સહ શુભકામનઓ..
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રવેશ નિમિતે બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવે છે.
:શુભેચ્છક:
શ્રી મુનાભાઈ મલકાણ
: પ્રમુખશ્રી :
ચેમ્બર ઓફ કોમર્સ – બાબરા
મુ.બાબરા, જિ.અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,25,100/-
(૧૦ ગ્રામ)
રોજ તા. ૨૬/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧

હાર્દિક શુભકામનાઓ..
બાબરા વકીલ મંડળના બાર એસોસિએશનમાં બીનહરિફ પ્રમુખ પદે શ્રી પ્રતાપભાઈ ખાચર સાહેબ ની વરણી થતાં અમો હર્ષ અને ગૌરવની લાગણીસભર અભિનંદન સહ શુભકામનાઓ પાઠવીએ છીએ...
એડવોકેટ શ્રી પ્રતાપભાઈ ખાચર
પ્રમુખશ્રી : બાર એસોસિએશન – બાબરા
:શુભેચ્છક:
શ્રી અતુલભાઈ ત્રિવેદી
ઉપપ્રમુખશ્રી : બ્રહ્મસમાજ – બાબરા
ડીરેક્ટરશ્રી : નાગરીક બેંક – બાબરા
મુ.બાબરા જિ.અમરેલી

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી–૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ દૈનિકને...
૧૭ માં વર્ષે હાર્દિક અભિનંદન સહ શુભકામનઓ..
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા
"અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવીએ છીએ.
:શુભેચ્છક:
શ્રી હિતેશભાઈ જે.કારીયા
ચેરમેનશ્રી
શ્રી હરેશભાઈ એન.સેજપાલ
વાઈસ ચેરમેનશ્રી
શ્રી દિનેશભાઈ હિંમતભાઈ ભટ્ટ
એમ.ડી.શ્રી
શ્રી ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી.
તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
લીલીયા, અમરેલી, દામનગર શાખા તથા તમામ કર્મચારી સ્ટાફ

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1
Experience: 1-2 Years
- Sales & Marketing Officer - 2
Experience: 1-2 Years
- Night Billing Executive - 2
Experience: 1-2 Years
- Reporting Manager - 2
Experience: 1-2 Years
- Junior Accountant - 1
Experience: 1-2 Years
- Trainer – 1
Experience: 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. કલ્પેશ બજાણિયા
ઓર્થો એન્ડ સ્પાઈન
તા.૨૭/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડો. ધ્રુવ દેસાઈ
પેડિયાટ્રિક ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ
તા.૨૭/૧૨/૨૦૨૫ - શનિવારે, સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)